જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૪-૦૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૨૧ । પાના : ૦૪ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

લોકસભા ચૂંટણીના પરિણામ સૌને ચોંકાવનારા હશે,દેશની સંસ્થાઓમાંથી ભરપૂર સમર્થન મળી રહ્યું છે

હું મિ.મોદી જેટલુ જૂઠ્ઠુ નથી બોલતો, આપેલા તમામ વચનો પૂરા કર્યા: રાહુલ ગાંધી

હું સપા-બસપા નેતાઓનું સન્માન કરુ છું,અમે ઉ.પ્રદેશમાં સંપૂર્ણ ક્ષમતા સાથે લડીશુ અને લોકોને આશ્ચર્યમાં મૂકી દઈશુ

દુબઇ

રાહુલ ગાંધીએ દાવો કર્યો કે તેઓ આગળની લોકસભા ચૂંટણી જીતશે. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીના પરિણામ ચોંકાવનારા હશે. રાહુલે પોતાના દાવાના સમર્થનમાં કારણ ગણાવતા કહ્યું કે જીતવાની વાત તેઓ એટલા માટે કહી રહ્યા છે કારણ કે દેશની સંસ્થાઓમાંથી તેમને જોરદાર સમર્થન મળી રહ્યું છે અને પીએમ મોદી તેને સમજશે નહીં.

કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી વિદેશથી નરેન્દ્ર મોદી સરકાર પર આકરા પ્રહારો કરી રહ્યાં છે. દુબાઇ પહોંચેલ રાહુલ ગાંધી એ પત્રકાર પરિષદ કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે તેમનું નામ નરેન્દ્ર મોદી અને તેઓ ખોટા વચનો આપી રહ્યાં નથી.

રાહુલે એક પત્રકાર પરિષદ કરી અને કેન્દ્ર સરકાર પર એક પછી એક કેટલાંય પ્રહારો કર્યા. રાહુલે કહ્યું કે મને ખોટું બોલવું પસંદ નથી, મારું નામ મિસ્ટર નરેન્દ્ર મોદી નથી, હું ખોટા વચનો આપતો નથી. હું તો કમિટમેન્ટ કરું છું તેને પૂરા કરું છું. હું જે વચન આપું છું, તેને પૂરા કરું છું. એ શરમજનક છે કે પીએમ મોદી પોતાના વચનો પૂરા કરી રહ્યાં નથી.



કૉંગ્રેસ અધ્યક્ષે તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ત્રણ રાજ્યોમાં કરાયેલ લોન માફી યોજનાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ ત્રણ રાજ્યોમાં તેમને ખેડૂતોની લોન માફી કરવાનું વચન આપ્યું હતું અને તેને તેમણે પૂરું કર્યું. રાહુલ ગાંધીએ પોતાની પત્રકાર પરિષદમાં એક વખત ફરીથી રાફેલ ડીલનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે વડાપ્રધાને નાના અંબાણીને ૩૦૦૦૦ કરોડ રૂપિયા ચોરવામાં મદદ કરી.

રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે તેઓ આગામી લોકસભા ચૂંટણી જીતશે, તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીના પરિણામ ચોંકાવનારા હશે. રાહુલે પોતાના દાવાના સમર્થનમાં કારણ ગણાવતા કહ્યું કે જીતવાની વાત તેઓ એટલા માટે કહી રહ્યા છે કારણ કે દેશની સંસ્થાઓમાંથી તેમને જોરદાર સમર્થન મળી રહ્યું છે અને પીએમ મોદી તેને સમજશે નહીં. રાહુલ ગાંધી એ સંઘ પર પણ પ્રહારો કર્યા અને કહ્યું કે સંઘની આ પ્રકૃતિ રહી છે કે તેઓ સંસ્થાઓને ખત્મ કરે છે, જ્યારે કૉંગ્રેસ તેનું સમ્માન કરે છે.

હું એસપી અને બીએસપના નેતાઓનું ખૂબ જ સન્માન કરું છું, તેઓ જે પણ કરવા માંગે છે, તેમનો તે અધિકાર છે. હવે કૉંગ્રેસને યૂપીમાં એકલા ઊભા રહેવું પડશે. રાહુલના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે કૉંગ્રેસ ઉત્તર પ્રદેશમાં એકલા ચૂંટણી લડવા માટે મન બનાવી ચૂક્યું છે, જેના કારણે દેશનું રાજકારણના હિસાબે મહત્વપૂર્ણ માનવામાં આવતા રાજ્યમાં મુકાબલો ત્રિકોણીય થતો જોવા મળી રહ્યો છે. અમે ઉત્તર પ્રદેશમાં સંપૂર્ણ ક્ષમતા સાથે લડીશું અને લોકોને આશ્ચર્યમાં મુકી દઈશું. કૉંગ્રેસ અધ્યક્ષે નોટબંધીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હજુ તેની અડધી અસર જ સામે આવી છે અને આ ટ્રેલર છે. રાહુલે કહ્યું કે જ્યારે તેની પૂરી અસર સામે આવશે ત્યારે લોકો કહેશે કે ચોકીદારે શું કર્યું છે. કૉંગ્રેસ અધ્યક્ષે દુબઈમાં બિઝનેસ કોમ્યુનિટીના લોકો સાથે મુલાકાત કરી હતી.

સબરીમાલામાં મહિલાઓના પ્રવેશ પર બોલ્યા રાહુલ: શ્રદ્ધાળુઓનો તર્ક ખોટો નથી

કૉંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એવો સ્વીકાર કર્યો કે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓની એન્ટ્રી પર તેઓએ પોતાનું સ્ટેન્ડ બદલી દીધું છે. મંદિરમાં માસિક ધર્મના ઉંમરવાળી મહિલાઓના પ્રવેશ પર જાહેરમાં સમર્થન કરી ચૂકેલા રાહુલ ગાંધીએ કહ્યું કે વિરોધ પ્રદર્શન કરનારા શ્રદ્ધાળુઓનો તર્ક પણ ખોટો નથી. કૉંગ્રેસે અધ્યક્ષે દુબઈમાં એક કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે હવે તેમને લાગે છે કે મંદિરમાં મહિલાઓને પ્રવેશ ન આપવાની પરંપરા માટે પ્રદર્શન કરનારાઓન તર્ક પણ યોગ્ય છે. હું બંને તર્કને સમજું છું...એટલા માટે આ મામલામાં સ્પષ્ટ ન કહી શકું છે આ હોવું જોઈએ...હું તેને કેરળની જનતા પર છોડું છું કે તેઓ શું નક્કી કરે છે. રાહુલ ગાંધીના નિર્મલા સિતારમનને ટાંકીને પીએમ મોદીના સંદર્ભમાં કરેલા નિવેદન બાદ રાષ્ટ્રીય મહિલા આયોગ દ્વારા કૉંગ્રેસ અધ્યક્ષ વિરુદ્ધ નોટિસ મોકલવામાં આવી હતી. આ અંગે રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, જો રક્ષા મંત્રી કોઇ પુરુષ હોત તો પણ મારી ટિપ્પણી આ જ રહી હોત.

આજે ઉત્તરાયણ, રંગબેરંગી આકર્ષક પતંગોથી આકાશ ભરાશે

ગાંધીનગર

પતંગના રસિયાઓ અને સામાન્ય લોકો પણ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોતા હોય છે તે ઉત્તરાયણની આજે શાનદાર અને પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવનાર છે. ઉત્તરાયણના દિવસે એ કાપ્યો.... લપેટની ધૂમ શહેરમાં ચારેબાજુ જોવા મળશે. નાના અને મોટા મકાનો તથા અન્યત્ર જગ્યાઓ પર નાના બાળકોથી લઈને મોટા લોકો સુધી ભીડ જોવા મળશે. દરેક વયના લોકો મનમુકીને ઉત્તરાયણની ઉજવણી કરતા નજરે પડશે. અમદાવાદ શહેરમાં પતંગની ઉજવણીની પરંપરાનો ઈતિહાસ ખૂબ જુનો રહેલો છે. અમદાવાદ એ ઉત્તરાયણના તહેવારની ઉજવણી માટેનું એક અનોખુ સ્થળ બની ગયુ છે. ભારતમાં માત્ર અમદાવાદની અંદર જ પતંગની સૌથી વધારે બોલબાલ જોવા મળે છે. પતંગ બજારનું કદ પણ અભૂતપૂર્વ સપાટી પર પહોંચી ગયુ છે. નવી નવી બનાવટનું સૌથી મોટુ હોલસેલ બજાર તરીકે અમદાવાદ ઉભરી આવ્યું છે. અમદાવાદમાંથી જ જુદી જુદી જગ્યાઓ ઉપર પતંગો પહોંચાડવામાં આવે છે. પતંગ ઉત્સવ અથવા તો ઉત્તરાયણ માત્ર બે દિવસનો તહેવાર નથી પરંતુ આ તહેવાર પાછળ ૧૩ મહિનાની મહેનત લાગેલી હોય છે. બે દિવસનો તહેવાર આખા વર્ષની રોજગારી પણ ધણા લોકોને ઉપલબ્ધ કરાવે છે. પતંગના નિર્માણમાં જુદા જુદા સમુદાયના લોકો સંકળાયેલા છે. ખાસ કરીને મુસ્લિમ સમુદાયના લોકો પતંગ બનાવવામાં વધુ જોડાયેલા છે. ઉત્તરાયણના મહિના કે બે મહિના અગાઉ જાહેરાતો વળા પતંગો બનવવામાં આવે છે. મોટાભાગે મધ્યમ કદના પતંગોનું વેચાણ સૌથી વધારે પ્રમણમાં થાય છે. છોટા ભીમ, બેનટેન, સુપરમેન જેવા કાર્ટૂનના ચિત્રવાળા પતંગ પણ બજારમાં વધારે પ્રમાણમાં વેચાઈ ચુક્યા છે. આવતીકાલે ઉત્તરાયણના દિવસે આ પતંગોની બોલબાલા રહેશે. અમદાવાદ શહેરમાં ખાસ કરીને પોળમાં પતંગની ઉજવણી વધારે શાનદાર રીતે થાય છે. ઉત્તરાયણના પગલે બજારોમાં ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. ત્યારે પતંગના ધૂમ વેચાણની સાથે આ વર્ષે અવનવી એસેસરીઝ પણ માર્કેટમાં જોવા મળી રહી છે. જાત-જાતના પતંગોની સાથે એસેસરીઝે પણ ખાસ આકર્ષણ જમાવ્યું છે. છેલ્લા અઠવાડિયાથી પતંગ બજારમાં તેજી જોવા મળી રહી છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(૨જી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકારણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ થયેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દશવિલ કોપ્ટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઇચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની

એક્સ્ટ્રા ઇન્કમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)

બાકીના ૧૬૫૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)

બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશેષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

પ્રગટેશ્વરધામ આછવણી દ્વારા સૂર્યપુત્રી તાપી નદીના તટે સૂરત ખાતે ૧૦૦૮ કુંડી સૂર્યનારાયણ મહા યજ્ઞ યોજાયો

સૂરત/ વલસાડ

સૂરતના અબ્રામા-મોટા વરાછા સ્થિત પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ ખાતે સૂર્યપુત્રી તાપી નદીના તટે પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ સેવા સમિતિ, આછવણી અને શિવ પરિવાર દ્વારા ધર્માચાર્ય પરભુદાદા અને રબામાના સાંનિધ્યમાં ૧૦૦૮ કુંડી મહા સૂર્યનારાયણ યજ્ઞ ભક્તિભાવપૂર્વક યોજાયો હતો. યજ્ઞાચાર્ય અનિલભાઇ જોષી અને કશ્યપભાઇ જાની સહિત ૫૧ બ્રાહ્મણોના સથવારે યજ્ઞાની શરૂઆત બ્રહ્મ મુહૂર્તમાં મળસ્કે ૪-૦૦ વાગે દેહશુદ્ધિના કાર્યક્રમમાં હેમાદ્રી પ્રયોગ થકી કરવામાં આવી હતી.

આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ યજ્ઞમાં સહભાગી સૌનું ભગવાન કલ્યાણ કરે તેવા આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે, પિતૃ અને સંતોની કૃપાથી આજે ૧૦૦૮ કુંડી સૂર્યનારાયણ મહાયજ્ઞ થઇ રહયો છે. બ્રહ્મ મુહૂર્તમાં કરાયેલા યજ્ઞમાં ભગવાન પોતે હાજર રહી સૌને આશીર્વાદ આપે છે. જેથી આ યજ્ઞમાં સહભાગી બનેલા બધા શ્રદ્ધાળુઓનું કાર્ય અવશ્ય સફળ થશે. નિઃસ્વાર્થ ભાવાત્મક યજ્ઞમાં કરેલા સત્કર્મોમાં ભગવાની હાજરી અવશ્ય હોય છે. તેમણે તા.૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ રામેશ્વરમ તીર્થ ખાતે યોજાનાર ૧૦૮ કુંડી મહારુદ્ર યજ્ઞમાં સૌને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે પરોપકારી અને નિઃસ્વાર્થ સેવા આપનાર સવાણી પરિવારની સેવાભાવનાને બિરદાવી યજ્ઞ માટે જગ્યા આપવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ અવસરે સુપ્રસિદ્ધ કથાકાર પ્રફુલ્લભાઇ શુક્લએ જણાવ્યું હતું કે, સૂયૂપુત્રી તાપી નદીને સૌથી પ્રાચીન છે અને તેનું માત્ર સ્મરણ કરીએ તો પણ પાવન થઇ જવાય છે, ત્યારે આજે તો અહીં ૧૦૦૮ કુંડી સૂર્યયજ્ઞ કરવામાં આવ્યો છે, જેમાં એક આહુતિ આપવાથી ૧૦૦૮ આહુતિ જેટલું ફળ પ્રાપ્ત થાય છે. સૂર્યનારાયણને જે આહુતિ આપે છે તેને ભગવાન ટોચ સુધી પહોંચાડે છે. જેથી આ યજ્ઞમાં ભાગ લેનાર ખૂબ જ ભાગ્યશાળી છે. યજ્ઞ એ આપણી સંસ્કૃતિ છે અને પરભુદાદાએ શાસ્ત્રોમાં બતાવેલા દરેક પ્રકારના યજ્ઞો કર્યા છે અને તાપી નદીના તટે આવો યજ્ઞ પહેલી જ વાર થયો છે. લોકોના કલ્યાણ માટે પરભુદાદા જેવા મહાપુરુષો સેવાકીય કાર્યો હંમેશા કરતા જ રહે છે, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ પાવન અવસરે પ્રગટ પ્રગટેશ્વરધામના પ્રમુખ બિપીનભાઇ પરમાર, ઉપપ્રમુખ નારાયણભાઇ લેખડીયા, માજી પ્રમુખ મયંકભાઇ બ્રહ્મભટ્ટ, યજ્ઞપ્રમુખ સંજયભાઇ મેથીવાલા તેમજ બોની રસાણીયા, મંત્રી રવિ રસાણીયા, મંદિરના મહિલા પ્રમુખ શીતલબેન પટેલ, નિવૃત્ત કલેક્ટર આર.એમ.પટેલ, અધિક કલેક્ટર આર.સી.પટેલ, પૂર્વ સાંસદ કિશનભાઇ પટેલ, સંતશ્રી ગરીબદાસ આશ્રમના ભરતદાસબાપુ, આનંદરામ બાપુ, રામવાડીના સંત શિતલદાસબાપુ, ચંપાબા સહિત ગુજરાત-મહારાષ્ટ્ર શિવપરિવારના સભ્યો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.





ધરમપુર ખાતે ક્રિએટિવ રાઈટિંગ વર્કશોપ યોજાયો

ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી, સાહિત્યિપ્રભાત ધરમપુર તથા શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના સંયુક્ત ઉપક્રમે ક્રિયેટિવ રાઈટિંગ વર્કશોપનું આયોજન મેરેજ હોલ ખાતે યોજાયું હતું. જેમાં ગુજરાતના કવિ ગઝલકાર અને નાટ્યકાર ડૉ. રઈશ મનીઆર વિદ્યાર્થીઓ, શિક્ષકોને, નવોદિત લેખકોને કાવ્ય, ગીત, ગઝલ, વાર્તા, નાટક વગેરે સાહિત્યના સ્વરૂપોના લેખન માટે માર્ગદર્શન આપી સાચી સમાજ આપી હતી જેમાં દક્ષિણ ગુજરાતનાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ક્રિએટિવ રાઈટિંગ શીખ્યા હતા. આ પ્રસંગે નીમેશભાઈ ભટ્ટે તમામ કાર્યક્રમનું સંચાલન કરવાની સાથે આભારવિધિ પણ આટોપી હતી.

ભુજના સુખપરના એક ઈસમ સાથે ૧.૨૭ કરોડની ઠગાઈ કરનાર ૧ આરોપી પકડાયો



ભુજ કચ્છ: માનકુવા પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૭૫/૨૦૧૮ આ.ઈ.પી.સી.ક-૪૦૬,૪૨૦,૪૧૯,૧૨૦(બી),૧૧૪ મુજબના ગુન્હામાં રૂપીયા ૧ કરોડ ૨૭ લાખ ની રકમની ઠગાઈના મુખ્ય સુત્ર ધાર આરોપી હિતેશ વેલજીભાઈ પરમાર ઉ.વ.૩૯ રહે- રઘુરાજનગર ભોલેનાથ પેટ્રોલપંપની સામે મીરઝાપર ગામ તા. ભુજ જીલ્લો – કચ્છ (પશ્ચીમ) મુળ ગામ – હટડી તા.મુંદરા જીલ્લો – કચ્છ (પશ્ચીમ) નાની ધરપકડ કરતી માનકુવા પોલીસ.

પોલીસ મહાનિરીક્ષકશ્રી સરહદી રેન્જ ભુજ કચ્છ તથા પોલીસ અધિક્ષક કચ્છ પશ્ચિમ ભુજ તથા નાયબ પોલીસ અધિક્ષક ભુજ વિભાગ ભુજ નાઓની રાહબરી હેઠળ ઉપરોકત ગુન્હાના આરોપીઓની અટકાયત બાબતેની મળેલ સુચનાઓથી આજરોજ અમો વી.એસ.ચંપાવત પોલીસ ઈન્સ્પેકટર માનકુવા તથા સહ સ્ટાફ નાઓની સાથે મળેલી બાતમી હકીકતની વોચમાં હતા અને સદરહું ગુન્હાના મુખ્ય સુત્ર ધાર આરોપી હિતેશ વેલજીભાઈ પરમાર ઉ.વ.૩૯ રહે- રઘુરાજનગર ભોલેનાથ પેટ્રોલપંપની સામે મીરઝાપર ગામ તા. ભુજ જીલ્લો – કચ્છ મુળ ગામ – હટડી તા.મુંદરા જીલ્લો – કચ્છ નાનો આ ગુન્હામાં એન કેન પ્રકારે પોતાની ધરપકડ ટાળવા માટે આજદીન સુધી પોલીસ સમક્ષ હાજર નહી થઈ ભાગતો ફરતો હતો જે આરોપીને માનકુવા પો.સ્ટે. ના અમો વી.એસ.ચંપાવત પોલીસ ઈન્સ્પેકટર તથા સહ સ્ટાફ નાઓની ટીમ સાથે તેને પકડી પાડેલ અને તેની આ ગુન્હામાં આજરોજ તા-૧૨/૦૧/૨૦૧૯ ના કઃ-૧૯/૦૦ વાગ્યે વીધીવત ધરપકડ કરી આગળની તપાસ કાર્યવાહી કરી વધુ તપાસ અમો વી.એસ.ચંપાવત પોલીસ ઈન્સ્પેકટર માનકુવા પો.સ્ટે. નાઓ ચલાવી રહેલ છીએ.

આ ગુન્હાની વિગત એવી છે કે; તા-૦૧/૧૦/૧૮ના રોજ અત્રેના પો.સ્ટે.માં દાખલ થયેલ સદરહુ ગુન્હો જેમાં ફરીયાદી ગોપાલભાઈ ગાગજીભાઈ વરસાણી રહે-સુખપર ગામ તા-ભુજ કચ્છ નાઓ સાથે મુખ્ય સુત્ર ધાર સદરહું આરોપીએ તેઓના ટી.વી.રીપેરીંગના ધંધાને અનુરૂપ તેઓને મળી મોટા સરકારી કામના ટેન્ડરો પાસ કરાવી આપવાની બાબતેનું તેના સહ આરોપીઓ સાથે મળી રચેલ કાવતરૂ પાર પાડવા માટે તે કાવતરાના ભાગ રૂપે ફરીયાદી/સાહેદો પાસેથી માહે મે-૨૦૧૭ થી માહે ઓગસ્ટ-૨૦૧૭ ના ત્રણ માસના સમયગાળા દરમ્યાન ફરીયાદી/સાહેદોની રોકડ રકમ રૂપીયા ૧ કરોડ ૨૭ લાખ જેવી માતબર રકમ જુદા-જુદા સમયે/સ્થળે થી મેળવી અને તેઓ સાથે આ તેના ઠગ ઈરાદાથી તેઓને જે ધંધાકિય ટેન્ડરો અપાવવાની લોભામણી વાતો કરેલ અને તેઓને કાવતરાની જાળમાં ફસાવેલ અને તે પૈકીના કોઇ ટેન્ડરો ફરીયાદી/સાહેદોને નહી અપાવી ફક્ત પોતાના મળતીયા એવા બીજા સહ આરોપી (૧) નરેન્દ્ર વેલજી પરમાર (બબુ) રહે-રઘુરાજનગર મીરઝારપર ભુજ (૨) માઉભા નરપતસિંહ વાઘેરા રહે-અંજાર કચ્છ (૩) ગોપાલસિંહ માઉભા વાઘેલા રહે-ખેડોઇ ગામ તા-અંજાર નાઓના મેળાપી પણાથી અગાઉથી રચેલ ગુન્હાહીત કાવતારામાં આ મુખ્ય સુત્રધારે પોતે ફરીયાદીના જણાવ્યા પ્રમાણે પોતે સદર કાવતરૂ પાર પાડવા ફરીયાદી સાથે બાલાજી નામના બી.એસ.એફ.ના એન્જીનીયર તથા કદમ નામના સીનીયર બી.એસ.એફ.ઓફીસર તથા સતીસ નામના ક્લાર્ક બી.એસ.એફ. તથા સચીવ સાહેબ (દિલ્લી) એ રીતેના અધિકૃત અધિકારી/કર્મચારી હોવાના ટેલીફોનીક વાતો કરી આ કાવતરાના ભાગ રૂપે ઠગાઇ કરી મેળવેલ રકમો પોતે નહી આપવાના બદ ઈરાદાથી સહ આરોપીઓ મારફતે દીલાસા અને બોગસ ચેકો અપાવી તે પૈકીની ઠગ ઈરાદાથી મેળવેલ કોઇ રકમો ફરીયાદી તથા સાહેદોને પરત નહી આપી પોતાનુ પુર્વયોજીત કાવતરૂ પાર પાડેલ.

જૂનાગઢની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં જૂનાગઢનો યુવાન અમિત રાઠોડ પ્રથમ વિજેતા

મોરબીના મહિલા પોલીસમાં ફરજ બજાવતા ભૂમીકાબેન અને જૂનીયર ભાઈઓમાં જૂનાગઢના પરમાર લાલાભાઈ અને જૂ.બહેનોમાં ખીરસરાના સાયરાબેને સ્પર્ધામાં મેળવ્યો પહેલો રેન્ક વિજેતા સ્પર્ધકોને આશરે રૂ.૨ લાખના રોકડ ઈનામ અપાયા : સ્પર્ધકોની સાહસિકતાને બિરદાવતા ડે. મેયર શ્રી ગીરીશભાઈ કોટેચા અને ધારાસભ્ય ભીખાભાઈ જોશી : તા.૧૦મી ફેબ્રુઆરીએ યોજાશે નેશનલ કક્ષાની ગિરનાર સ્પર્ધા

જૂનાગઢ : જુનાગઢના ગગનચુંબી ગિરનાર પર્વત પર આજે રાજયના ૨૦ જિલ્લાના ૯૮૦ યુવા ભાઇ બહેનોએ જાણે આકાશી ઉડાન ભરી હતી. રાજય સરકારનાં યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ તથા જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ૩૪મી અખીલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનો આજે વહેલી સવારે ફુલગુલાબી ઠંડીનાં માહોલમાં પ્રારંભ થયો હતો. ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં જૂનાગઢના ૨૧ વર્ષીય યુવાન અમિત રાઠોડે ૫૮ મીનીટ મીનીટ અને ૧૬ સેકન્ડમાં અંબાજી શિખર થઇ નીચે ઉતરી જઇ સીનીયર ભાઇઓના વિભાગમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જયારે જૂનીયર ભાઇઓમાં જૂનાગઢના પરમાર લાલા ચિમનભાઇએ ૬૧મીનીટ ૪૩ સેકન્ડમાં તથા માળી પરબ સુધી જવાના બહેનોના સીનીયર વિભાગમાં મોરબી પોલીસમાં ફરજ બજાવતા ભૂત ભૂમિકાબેન દુર્લભજીભાઇએ ૪૪ મીનીટ ૮ સેકન્ડ અને જુનીયર વિભાગમાં કેશોદના ખીરસરા ગામના સાયરા ઇબ્રાહિમભાઇ કથુરીયાએ પણ ૪૦ મિનિટ ૧૦ સેકન્ડમાં સ્પર્ધા પુર્ણ કરી પ્રથમ વિજેતાનું બિરૂદ મેળવ્યું હતું.

૩૪મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોણ સ્પર્ધામાં ૨૦ જિલ્લાના ૧૩૦૩ ભાઇ બહેનોએ તેમની એન્ટ્રી નોંધાવી હતી.જેમાં આજે ભાઇઓના વિભાગમાં ૭૪૦ અને ૨૪૦ બહેનો મળી કુલ ૯૮૦ સ્પર્ધકો જોડાયા હતા. જેમાંથી ૧૯૬ બહેનોએ નિર્ધારીત દોઢ કલાક અને ૫૧૮ ભાઇઓએ નિર્ધારીત બે કલાકમાં સ્પર્ધા પુર્ણ કરી હતી.

ભાઇઓના વિભાગની દસ સભ્યોની ટીમોને સવારે ૭ કલાકે જૂનાગઢના ધારાસભ્ય શ્રી ભીખાભાઇ જોશી અને મ્યુ. કમિશનર પ્રકાશ સોલંકી તેમજ ધારાસભ્ય જવાહરભાઇ ચાવડા, જયોતીબેન વાછાણી, સંજયભાઇ કોરડયા અને કોર્પોરેટરોઓની ઉપસ્થિતિમાં લીલીઝંડી આપી હતી. આ આગેવાનોએ પણ ફલેગઓફ આપી વિવિધ ટીમોને રવાના કરી હતી. ત્યારબાદ સવારે ૯-૩૦ કલાકે બહેનોની ટુકડીઓને પણ જયોતીબેન વાછાણી અને આગેવાનોએ ફલેગ ઓફ આપી હતી. હવે નેશનલ કક્ષાની સ્પર્ધા તા.૧૦ ફેબ્રુઆરીના રોજ યોજાશે.



બપોરે મંગલનાથજીની જગ્યામાં યોજાયેલા ઇનામ વિતરણ સમારંભમાં ચારેય વિભાગના પ્રથમ દશ એમ ૪૦ વિજેતાઓને રૂ.૧.૬૬ લાખના રોકડ ઇનામ અને ટ્રોફી મહાનુભાવોના હસ્તે ડેપ્યુટી મેયર ગીરીશભાઇ કોટેચાના અધ્યક્ષસ્થાને એનાયત કરવામાં આવ્યા હતા. રાજય સરકાર દ્વારા રૂ.૬૬૦૦૦, મહાનગર પાલિકા દ્વારા રૂ.૧ લાખના ઉપરાંત ધારાસભ્ય જવાહભાઇ ચાવડા દ્વારા કુલ રૂ. ૨૬૮૦૦ના પુરસ્કાર વિજેતાઓને આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ડોળી મંડળના તે કામગીરીને આવકારી હકારાત્મક સુચન કર્યા હતા.ભાગ લેનાર તમામ બહેનોને પણ બિરદાવી સ્પર્ધકોની સાહસિકતા અન્યોને પણ પ્રેરણા આપે છે તેમ કહયું હતું.

ગિરનાર સ્પર્ધામાં ૪૧ વર્ષથી ગિરનાર ઉપર સ્પર્ધાની વહેલી સવારે સેવા આપતા પુર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઇ મશરૂ એ પર્વત પર સેવાભાવી યુવાનોની ટીમ સાથે સેવા આપી હતી.વર્ષોથી સંયોજક તરીકે કામ કરતા મામલતદાર દેવકુમાર આંબલીયાએ સ્પર્ધાના સંકલનમાં કામગીરી કરી સ્પર્ધા અંગેની વિશેષ માહિતી આપી હતી. વ્યાયામ શિક્ષકો, સરકારી તબીબો અને સ્ટાફ તેમજ સ્વયંસેવકો અને પોલીસ જવાનોની કામગીરી આવકારવામાં આવી હતી. પ્રારંભે રમત ગમત અધિકારી વિશાલ દીહોરાએ સૌનુ સ્વાગત કર્યું હતુ. કાર્યક્રમનું સંચાલન હારૂન વિહળે કર્યું હતું.

આ કાર્યક્રમમાં ડીડીઓ પ્રવીણ ચૌધરી, જિલ્લાના આગેવાન વિનુભાઇ અમીપરા, શ્રી હિમાંશુભાઇ પંડયા, ચંદ્રીકાબેન રાખશીયા, યોગેન્દ્રભાઇ પઢીયાર, નટુભાઇ પોંકીયા, એનઆઇસી અધિકારી બાદી તેમજ નાયબ કલેકટર રાવલ અને જેઠવા તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા

ગિરનાર આરોહણ અવરોણ સ્પર્ધાનાં સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા સિનિયર સિટીઝન રમતવિરો

૮૦ વર્ષનાં રેવતુભા જાડેજા અને ૭૮ વર્ષનાં હિરાલક્ષ્મીબેન વાસણે યુવાનોને હાથમાં મોબાઈલનાં બદલે રમતનાં સાધનો થી સજ્જ બની ગ્રાઉન્ડ પર રહેવા શીખ આપી



જૂનાગઢ : આજે જૂનાગઢનાં ભવનાથ ક્ષેત્રમાં ગિરનારને આંબવા નવયુવાનોનાં પગમાં થનગનાટ જોવા મળતો હતો ત્યારે આ યુવાનોને પ્રોત્સાહિત કરવા યુવાનોની સ્ફુર્તિને છાજે તેવી શરીર સૌષ્ઠવ તરવરાટી તાજગી સાથે ૮૦ વર્ષિય (યુવાન)બુઝર્ગ રેવતુભા જાડેજા સ્પોટ્સમેનને છાજે તેવી તાજગી સાથે ગિરનાર આરોહણ સ્પર્ધાનાં સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતા જોવા મળ્યા હતા. બાજુમાં ૭૮ વર્ષિય હીરાલક્ષ્મીબેન વાસણે પણ દિકરીઓને ગિરનાર સર કરવા પ્રોત્સાહિત કરતા હતા. રેવતુભા જાડેજા અને હિરાલક્ષ્મીબેન વાસણ અખીલ ભારતીય સિનીયર સિટીઝન રમતોમાં ઈનામને પાત્ર બન્યા છે, તેનો શ્રેય રમતનાં મેદાનને આપતા જણાવ્યુ કે તાજા ફળફળાદી અને પૌષ્ટીક આહાર સાથે રમતનાં મેદાનને કદી છોડ્યુ નથી, આજેય યુવાનોને પાઠળ રાખી રમતમાં ક્રેવત દેખાડવાની હામ ધરાવતા આ રમતવિરો કહે છે કે અત્યારે મહત્તમ યુવાઓ મોબાઈલનાં ક્રેજમાં પોતાની આંખોને નુકશાન તો પહોંચાડે છે સાથે શરીરને પણ કસરતથી દુર કરતા જાય છે. યુવાનો તો મેદાનમાં જ શોભે, આવી વાતને દોહરાવતા હીરાલક્ષ્મીબેન કહે છે કે આજે હું ૭૮ વર્ષની ઉમર ધરાવુ છુ છતાં દરરોજ એક કલાક યોગ અને પાંચ કીલોમીટરનું મોર્નિંગવોક નિયમિત કરુ છુ. સારો આહાર અને નિયમિત કસરત એ જીવનની તંદુરસ્તીની ચાવી છે. ગુજરાત સરકાર યુવાનોને રમત પરત્વે રૂચિ કેળવાય તે માટે ગિરનાર આરોહણ અવરોહણ જેવી અનેક સ્પર્ધાઓ અને સારા પુરસ્કાર આપી પ્રોત્સાહીત કરે છે સાથે શાળા કક્ષાએ ખેલમહાકુંભ અને શાળા રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં રમત ગમત પરત્વે રૂચિ કેળવાય તે દિશામાં અનેક આયામો ખુલ્લા મુક્યા છે ત્યારે આપણને તો પ્રકૃતિ અને ગીરીવર ગિરનારની અણમોલ ભેટ ઈશ્વરે ધરી છે તો આવો યુવાનો સાથે મળી ગિરનારને સર કરીએ આવી હાકલ ભવનાથ તળેટીમાં એક સાડા સાત દાયકાને ગડથોલીયા ખવડાવનાર યુવાઓની સાંભળવા મળી હતી. આરોહણ અવરોહણ દરમ્યાન ઉડીને આંખે વળગે તેવી તરવરાટ ભરી સ્ફુર્તિ સાથે આ સ્પર્ધામાં વર્ષોસુધી જેના નામે રેકોર્ડ કાયમ રહ્યો હતો તેવા દેવકુમાર આંબલીયા પોતાની ફરજમાંથી સમય કાઢીને યુવાનોને પ્રોત્સહિત કરતા જોવા મળ્યા હતા

જમ્યા પછી નહીં, એપેટાઇઝર તરીકે ખાઓ યોગર્ટ

મોટા ભાગે ગાયના દૂધમાંથી બનતી આ ચીજ પેટમાં સારા બૅક્ટેરિયાનો જથ્થો વધારીને આંતરડાંની અંદરની ત્વચાને સાફ રાખે છે, જેને કારણે શરીરના કોઈ પણ કોષોમાં ક્રોનિક સોજો અને લાલાશ થવાની સંભાવના ઘટી જાય છે આપણા શરીરમાં ક્રોનિક સોજો અને ઇન્ફ્લમેશન એવી સમસ્યા છે જે એકદમ વકરે નહીં ત્યાં સુધી એનાં લક્ષણો બહુ જણાતાં નથી. ખાસ કરીને જઠર, આંતરડાં અને પાચનતંત્રના કોઈ અવયવમાં ધીમો સોજો આવવાનું શરૂ થયું હોય તો શરીર ધીમે-ધીમે બૂમો પાડતું રહે પણ એનો અવાજ આપણી સભાનતામાં પહોંચે જ નહીં. સોજો અને ઇરિટેશન લાંબો સમય એમ જ રહે એટલે ધીમે-ધીમે અવયવની કાર્યક્ષમતા ઘટવા લાગે. એ પછીથી જ્યારે અચાનક રોગનાં લક્ષણોનો ધડાકો થાય ત્યારે આપણે ઊંઘતાં ઝડપાઈએ. આવું ક્રોનિક ઇન્ફ્લમેશન ન થાય એ માટે પાચન-વ્યવસ્થા સ્વસ્થ રાખવી જોઈએ. તાજેતરમાં અમેરિકાની વિસ્કોન્સિન-મૅડિસન યુનિવર્સિટીના સંશોધકોએ પાચનતંત્રના ઇન્ફ્લમેશનને બે હાથ દૂર રાખવા માટે ભોજનમાં યૉગર્ટનો નિયમિત સમાવેશ કરવાનું સૂચન કર્યું છે. રોજ આઠ ઔંસ એટલે કે લગભગ ૨૨૫ ગ્રામ લો-ફૅટ યૉગર્ટ જમતાં પહેલાં લેવામાં આવે તો એનાથી પાચનતંત્રમાં જ નહીં, શરીરમાં ઓવરઑલ ઇન્ફ્લમેશન થવાની સંભાવના ઘટે છે. આનો ઉત્તમ ફાયદો જોઈતો હોય તો ભોજન પહેલાં ઍપેટાઇઝર તરીકે યૉગર્ટ લેવું જોઈએ. અભ્યાસકર્તાઓએ અમેરિકામાં મેનોપૉઝ દરમ્યાન ક્રોનિક ઇન્ફ્લમેશન ધરાવતી ૧૨૦ મહિલાઓ પર પ્રયોગ કરીને આ તારવ્યું છે. પશ્ચિમના દેશોની ખાણીપીણી, રહેણીકરણી અને આબોહવા ભારતીય સાપેક્ષમાં અલગ છે ત્યારે અમેરિકન નિષ્ણાતોનું આ તારણ ભારતીય પરિપેક્ષ્યમાં કેટલું સાચું છે એ જાણવાની આજે કોશિશ કરીશું.



યૉગર્ટ અને દહીંમાં ફરક શું?

ભારતીયોમાં યૉગર્ટ એટલું ફેમસ નથી. મોટા ભાગે આપણે યૉગર્ટ અને દહીં બન્નેને એક જ સમજીએ છીએ. બન્ને દૂધમાંથી જ બને છે અને સ્વાદની દૃષ્ટિએ બન્નેમાં ખૂબ સામ્ય છે. એ છતાં બન્નેની બનાવવાની પ્રક્રિયા ભિન્ન હોવાથી સેહતની દૃષ્ટિએ બન્નેના ફાયદા થોડાક જુદા છે. દહીં બનાવવા માટે આપણે મેળવણ તરીકે થોડુંક દહીં વાપરીએ છીએ. સહેજ હૂંફાળા દૂધમાં દહીંના ફૉર્મમાં લૅક્ટિક ઍસિડ મેળવવાથી અંદર નૅચરલી બૅક્ટેરિયલ ગ્રોથ થાય છે અને દૂધ જામીને દહીં બને છે. યૉગર્ટ બનાવવા માટે ગરમ કરીને ઠારેલા દૂધમાં બે પ્રકારના બૅક્ટેરિયાનું કલ્ચર ઉમેરવામાં આવે છે.

આ બૅક્ટેરિયાને કારણે દૂધમાં ફર્મેન્ટેશન થાય છે અને એ જામી જાય છે. બૅક્ટેરિયલ ફર્મેન્ટેશનને કારણે દહીંની સરખામણીએ યૉગર્ટ થોડુંક ઓછું સૉલિડ હોય છે. ટેક્સ્ચરના ફરક ઉપરાંત એમાં બૅક્ટેરિયલ પ્રૉપર્ટીનો પણ ફરક હોય છે. ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, ‘ઘરે બનાવેલું દહીં એ દૂધનું સુપાચ્ય સ્વરૂપ છે. બીજી તરફ યૉગર્ટ એ બૅક્ટેરિયલ કલ્ચરથી બનતું હોવાથી એ નૅચરલી જ પ્રોબાયોટિક હોય છે. પ્રોબાયોટિક એટલે આપણી પાચન-વ્યવસ્થા માટે જરૂરી સારા બૅક્ટેરિયાથી ભરપૂર. એટલું જ નહીં, એની બનાવટ દરમ્યાન એમાં વિશિષ્ટ પ્રોબાયોટિક્સ, વિટામિન્સ અને મિનરલ્સ ઉમેરી શકાય છે જેને કારણે યૉગર્ટ સુપાચ્ય હોવા ઉપરાંત શરીરની માઇક્રો-ન્યુટ્રિઅન્ટ્સની કમી પણ પૂરી કરી શકે છે.’

ક્રોનિક ઇન્ફ્લમેશન કઈ રીતે ઘટે?

દૂધમાંથી યૉગર્ટ કઈ રીતે બને છે એ જાણ્યા પછી એ પાચનતંત્ર માટે કઈ રીતે ઉપયોગી થાય છે એ સમજવું સરળ છે. પ્રોબાયોટિક યૉગર્ટમાં સારા બૅક્ટેરિયા હોય છે જે આંતરડાંની અંતઃત્વચા પરનું ઇરિટેશન અને સોજો વગેરે ઘટાડી શકે છે. જ્યારે પેટમાં ખરાબ બૅક્ટેરિયાનો ફેલાવો વધે છે ત્યારે એ ખોરાકમાંથી પોષક તાવોને ઍબ્સૉર્બ થવામાં અવરોધ ઊભો કરે છે. આ બૅક્ટેરિયા આંતરડાંની અંતઃત્વચામાં ઊતરીને લોહીમાં ભળે છે અને રક્તવાહિનીઓને અફેક્ટ કરે છે. પેટમાંના ખરાબ બૅક્ટેરિયા લોહી વાટે શરીરમાં ફરીને કોઈ પણ ભાગમાં ઇન્ફ્લમેશન પેદા કરી શકે છે. ખરાબ બૅક્ટેરિયા મરે એ માટે પણ પેટમાં સારા બૅક્ટેરિયા જવા જરૂરી છે જે યૉગર્ટમાંથી મળી રહે છે. યૉગર્ટમાંના સારા બૅક્ટેરિયા સૌથી પહેલાં તો ખરાબ બૅક્ટેરિયાનો ખાતમો બોલાવે છે અને આંતરડાંની ત્વચા દ્વારા અન્ય અપદ્રવ્યો લોહીમાં ભળતાં હોય તો એ પણ અટકાવે છે. યૉગર્ટ ઍપેટાઇઝર તરીકે ખાવાથી ફાયદો વધુ થઈ શકે છે એમ માનતાં યોગિતા ગોરડિયા કહે છે, ‘તમે ભોજનની સાથે યૉગર્ટ લો તો એનાથી પાચન સુધરે છે, પરંતુ જો ખાલી પેટે યૉગર્ટ લો તો એનાથી જઠર અને આંતરડાંની અંતઃત્વચા તૈયાર થઈ શકે છે. પ્રોબાયોટિક્સનો નૅચરલ ખજાનો ખાલી પાચનતંત્રમાં જાય તો એને અંતઃત્વચાના ડૅમેજને સુધારવા માટે પૂરતો સમય મળી રહે છે.’ શું દહીં ખાવાથી આવો જ ફાયદો થાય? એ વિશે જણાવતાં યોગિતા ગોરડિયા કહે છે, ‘યૉગર્ટની સરખામણીએ દહીંમાં પ્રોબાયોટિક પ્રૉપર્ટી ઓછી છે, પરંતુ પાચનતંત્રનું ઇન્ફેક્શન ઘટાડવું હોય તો દહીં ખાવાથી પણ ફાયદો થાય જ. યૉગર્ટ જેટલી ઝડપથી ન થાય, પરંતુ લાંબા ગાળે જરૂર ફાયદો થાય. ઍપેટાઇઝર તરીકે અથવા તો જમવામાં પહેલી ચીજ તરીકે દહીં લેવામાં આવે તો લૉન્ગ-ટર્મમાં જરૂર એનાથી ફાયદો થાય. યૉગર્ટ અને દહીં બન્ને પ્રોટીન અને કૅલ્શિયમની પૂર્તિ માટે બહુ જ સારાં છે. નાનાં બાળકો, કસરત કરતા યુવાનો અને મેનોપૉઝમાં જ્યારે કૅલ્શિયમની ઊણપ ઊભી થવાની સંભાવનાઓ વધારે હોય છે ત્યારે આ બન્ને ચીજો ભોજનમાં કે ભોજન પહેલાં જરૂર લેવી જોઈએ. બીજું, જ્યારે પણ ઍન્ટિ-બાયોટિક દવાઓ ચાલતી હોય ત્યારે દૂધ પચવામાં ભારે પડી શકે છે, પરંતુ દહીં કે યૉગર્ટ લેવાથી દવાઓની અસર પણ ઝડપી થશે અને પેટમાંનાં સારા બૅક્ટેરિયાનો નાશ થતો પણ અટકશે.’

ઇન્ફેક્શન અને ઇન્ફ્લમેશનની દવા

દહીં વર્ષોથી પેટ અને પાચનની તકલીફોમાં છૂટથી વપરાયું છે એ વિશે વાત કરતાં આયુર્વેદ-નિષ્ણાત ડૉ. રવિ કોઠારી કહે છે, ‘જ્યારે પણ પાચન ખરાબ થયું હોય ત્યારે દહીં અપાય છે. ઝાડા થયા હોય કે મરડો, પેટમાં ચૂંક આવતી હોય કે કબજિયાત, દહીં પાચન-વ્યવસ્થાને ઠેકાણે લાવવામાં મદદ કરે છે. આયુર્વેદ દરેક સીઝનમાં છૂટથી દહીં ખાવાની હિમાયત નથી કરતું, પરંતુ જ્યારે પણ મરડો કે ડિસેન્ટ્રી જેવી તકલીફ થાય ત્યારે દહીં વપરાય છે. મરડો, ઝાડા કે ડિસેન્ટ્રી ત્યારે થાય છે જ્યારે આંતરડાંમાં આમ અને ખરાબ બૅક્ટેરિયાનો ભરાવો હદ કરતાં વધી જાય છે. આવા સમયે આયુર્વેદમાં દિવસો સુધી માત્ર દહીં-જીરું અને ભાતનું જ ભોજન કરવાનું કહેવાયું છે. આયુર્વેદમાં કાચું દહીં જમ્યા પછી નહીં, જમતાં પહેલાં જ ખાવાનું કહેવામાં આવ્યું છે. દહીં પિત્તકારક છે એટલે બને ત્યાં સુધી ખાટું ન હોવું જોઈએ. સાવ મોળું દહીં કફ વધારે છે એટલે દહીં તાજું હોય અને છતાં ખાટું ન હોય એનું ધ્યાન રાખવું જરૂરી છે.’

ચહેરાના ઝગમગાટમાં સુવર્ણરજનો વ્યાપ વધ્યો

કુદરતી ખનીજો અને ન્યુટ્રિયન્ટ્સ ઉમેરવામાં આવેલા ગ્લિટર અને રબર ફેશ્યલ માસ્ક બન્યા પૉપ્યુલર

વિદેશની એક નામાંકિત કંપની દ્વારા ઇન્ટ્રોડ્યુસ કરવામાં આવેલા રંગબેરંગી જરીવાળા, ચમકદાર અને રબરની જેમ ખેંચીને દૂર કરવામાં આવતા ફેશ્યલ માસ્કે થોડા સમયથી ઇન્સ્ટાગ્રામ પર ધૂમ મચાવી છે. કાળા રંગનો ગ્લિટર માસ્ક પળવારમાં ચહેરાને યુવાન બનાવી દેશે એવો દાવો કરવામાં આવી રહ્યો છે. કંપની સાથે સંકળાયેલા ત્વચા અને સૌંદર્ય નિષ્ણાતોનું કહેવું છે કે ચહેરા પર ચોંટી જતા ગ્લિટર માસ્કને જ્યારે ખેંચીને કાઢવામાં આવે છે ત્યારે ચહેરા પરની કરચલીઓ દૂર થાય છે. ગ્લિટર માસ્કમાં સુવર્ણ અને ચાંદીની ધાતુની રજ તેમ જ અન્ય કુદરતી ખનીજો ઉમેરવામાં આવ્યાં છે જે ચહેરાને ટાઇટ રાખવામાં સહાય કરે છે. માસ્કમાં ઉમેરવામાં આવેલાં ન્યુટ્રિયન્ટ્સથી ચહેરાની ત્વચાને પોષણ મળે છે. મૉડલિંગ અને અન્ય જાહેર ક્ષેત્રો સાથે સંકળાયેલી મહિલાઓ હાથ પર પણ આ માસ્કનો ઉપયોગ કરે છે. માસ્ક દૂર કર્યા બાદ જે ચળકાટ જોવા મળે છે એના કારણે એનો ઉપયોગ વધ્યો છે.

ગ્લિટર માસ્કની જેમ જ ખેંચીને દૂર કરવામાં આવતા જાડા થર જેવા રબર માસ્ક પણ એટલા જ પૉપ્યુલર છે. રબર માસ્કમાં વાસ્તવમાં રબરનો ઉપયોગ થતો નથી. એને એલ્જિનેટ નામના પદાર્થમાંથી બનાવવામાં આવે છે, જે ચહેરા પર રબર જેવું ટેક્સચર બનાવે છે. માટીમાંથી બનાવવામાં આવતા માસ્ક જેવી જ ટેક્નૉલૉજી વાપરીને બનાવવામાં આવતા ગ્લિટર અને રબર માસ્કની ત્વચા પર કોઈ આડઅસર થતી નથી એવો દાવો પણ થઈ રહ્યો છે.

ફેસ માસ્ક નિઃશંકપણે શ્રેષ્ઠ

સ્કિન-ટ્રીટમેન્ટ છે. ચહેરાની ત્વચાને મુલાયમ, યુવાન અને હાઇડ્રેટેડ રાખવા છેલ્લા એક દાયકામાં ફેશ્યલ ટેક્નૉલૉજીનો વ્યાપ વધ્યો છે. ફેશ્યલ માટે વપરાતી વિવિધ સામગ્રીમાં સૌથી છેલ્લે વાપરવામાં આવતા માસ્કનું ખૂબ જ મહત્વ છે. ખાસ કરીને મસાજ અને સ્ટીમિંગ સમયે ખૂલી ગયેલાં છિદ્રોને એના મૂળ સ્વરૂપમાં લાવવા તેમ જ ત્વચાની નમી જાળવી રાખવા માસ્કનો ઉપયોગ કરવામાં આવે છે. અગાઉ મુલતાની માટી અને અન્ય મડ માસ્ક તેમ જ ફ્રૂટ્સમાંથી બનાવવામાં આવેલા માસ્કનો જ વધારે ઉપયોગ થતો હતો. માટીમાંથી બનાવેલા માસ્ક ત્વચાને તાજગી તો બક્ષે છે, પરંતુ ત્વચાને ટાઇટ રાખવામાં ખાસ ઉપયોગી થતા નથી એમ નિષ્ણાતોનું કહેવું છે. હાલમાં લોકપ્રિય એવા રબર અને ગ્લિટર માસ્કમાં ત્વચાને ટાઇટ અને જીવંત રાખવાની ક્ષમતા છે. આવા માસ્કમાં મોટા પ્રમાણમાં મિનરલ્સ અને વિટામિન ઉમેરવામાં આવે છે, જે તમારી ત્વચાને યુવાન રાખે છે. ત્વચા-નિષ્ણાતોએ પણ આવા માસ્કને માન્યતા આપી છે. જોકે કેટલાક લોકોએ એને માર્કેટિંગ ગિમિક અને વાહિયાત કહીને વખોડી પણ કાઢ્યા છે. ન્યુટ્રિયન્ટ્સનો દાવો કરતા આ માસ્ક કેવી રીતે વાપરવામાં આવે છે તેમ જ એના ઉપયોગમાં કેવી સાવધાની રાખવી જોઈએ અને એનો ઉપયોગ કઈ ઉંમરમાં કરવો જોઈએ એ જાણીએ.

માસ્કથી ચહેરો ચમકી ઊઠે છે એ વાત ઘણાં વેરિએશન આવે છે. યંગ ગર્લ અથવા બ્રાઇડ માટે સ્કિન-બ્રાઇટનિંગ અને સ્કિન-વાઇટનિંગ મૉડલિંગ માસ્ક બેસ્ટ છે. ૪૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે ઍન્ટિએજિંગ માસ્ક અસરકારક છે. જેમની ત્વચા શુષ્ક અને બેજાન લાગતી હોય તેમણે હાઇડ્રેશન મૉડલિંગ માસ્ક વાપરવા જોઈએ. આપણે ઘણી વાર જોઈએ છીએ કે કેટલીક યુવતીઓ અને મહિલાઓના ચહેરા પર ચાર્મ જ નથી હોતો. પાણી ઓછું પીતા હોય એટલે ચહેરો મુરઝાઈ જાય. આ લોકો માટે હાઇડ્રેશન માસ્ક બહુ સારું રિઝલ્ટ આપે છે. આ ઉપરાંત જે લોકો ઘરની બહાર બહુ રહેતા હોય, પ્રવાસ બહુ કરવો પડતો હોય, ત્વચા ડલ લાગતી હોય અને ચહેરા પર ડસ્ટ વધારે રહેતી હોય એવી મહિલા જો ડી-ઑક્સિડન્ટ મૉડલિંગ માસ્ક વાપરે તો ચહેરો સાફ થઈ જાય છે. આમ ત્વચાના પ્રકાર અનુસાર રબર



સાથે સહમત થતાં મુલુંડના બ્યુટિશ્યન અલ્પા શાહ કહે છે, ‘રબર માસ્ક પાઉડરના સ્વરૂપમાં અને ગ્લિટર માસ્ક જેલના સ્વરૂપમાં આવે છે. રબર માસ્ક જ્યારે વાપરવાનો હોય ત્યારે પાઉડરમાં પાણી ઉમેરી જાડી પેસ્ટ બનાવી ચહેરા પર બ્રશ અથવા હાથ વડે અપ્લાય કરવામાં આવે છે. આ માસ્ક ચહેરા પર સિમેન્ટની જેમ ટાઇટ ચોંટી જાય છે. સુકાઈ ગયા બાદ એને બહુ જોરથી નહીં, પણ ખેંચીને કાઢવામાં આવે છે. આ માસ્કની થિકનેસ એટલી હોય છે કે દૂર કરતી વખતે ચહેરાનો આકાર બની જાય છે. આને મૉડલિંગ માસ્ક કહેવાય છે. રબર માસ્કમાં માસ્કનો ઉપયોગ કરી શકાય છે.’

ગ્લિટર માસ્ક જેલના સ્વરૂપમાં હોય છે અને એને ચહેરા પર ડાયરેક્ટ અપ્લાય કરવામાં આવે છે અને સુકાઈ ગયા બાદ કાઢી નાખવામાં આવે છે. જેલના કારણે ચહેરા પર થોડી ચીકાશ લાગે છે, પરંતુ આવા માસ્ક લગાવ્યા બાદ તાબડતોબ સ્કિન ગ્લો કરે છે એના કારણે મહિલાઓમાં લોકપ્રિય બન્યા છે એમ જણાવતાં અલ્પાબહેન કહે છે, ‘રબર માસ્ક કરતાં ગ્લિટર માસ્ક વધારે પૉપ્યુલર છે. એમાં આમ તો ત્રણ જ વરાઇટી છે ગોલ્ડ, સિલ્વર અને ચારકોલ. ધાતુનો ઉપયોગ કરવાનો કંપની દ્વારા જે દાવો કરવામાં આવે





છે એ મને થોડો પોકળ લાગે છે. ૫૦૦થી ૧૦૦૦ રૂપિયામાં મળતી ટ્યુબમાં સોનું-ચાંદી ઉમેરવામાં આવે એ શક્ય કઈ રીતે બને? વિટામિન અને મિનરલ્સનું પ્રમાણ હોઈ શકે છે. કદાચ સેલિબ્રિટીઝ દ્વારા વાપરવામાં આવતા ખૂબ જ મોંઘા માસ્કમાં ઓછા પ્રમાણમાં સુવર્ણરજ પણ વાપરવામાં આવતી હશે. બાકી સામાન્ય પ્રોડક્ટ્સમાં તો સ્પાર્ક જ હોય છે. સ્કિનકૅર પ્રોડક્ટ્સ તરીકે એને વાપરી શકાય એવો દાવો કરવામાં આવે છે અને માસ્કના બૉક્સ પર પણ એ વિશે લખેલું હોય છે, પરંતુ એમાં કેટલા પ્રમાણમાં ન્યુટ્રિયન્ટ્સ ઉમેરવામાં આવ્યાં છે અને એનાથી ત્વચાને બીજા કયા ફાયદા થાય છે એ વિશે ચોક્કસ કહી ન શકાય.’ ભારતમાં આવા માસ્કની પૉપ્યુલૅરિટી વધી છે એનું કારણ છે ઇન્ટરનેટ. આજે બધા જ સોશ્યલ મીડિયાથી પ્રભાવિત છે અને માર્કેટમાં કંઈ પણ નવું આવે કે તરત જ ખબર પડી જાય છે. બ્યુટી-ટ્રીટમેન્ટમાં નવીનતા એ સ્ત્રીઓની ડિમાન્ડ છે. અગાઉ સાદા મડ પૅક લગાવવામાં આવતા હતા. હવે સ્કિનકૅર બાબતે જાગ્રતતા આવ્યા બાદ મહિલાઓ અનેક પ્રશ્નો પૂછે છે એવો અભિપ્રાય આપતાં અલ્પાબહેન આગળ કહે છે, ‘હવે ક્લાયન્ટ્સ ઘણી પૂછપરછ કરે છે. તેમને સંતોષકારક જવાબ મળે ત્યાર બાદ જ કરાવે. આ ફીલ્ડમાં તમને સ્કિન કેવી છે એ ઓળખતાં આવડવું જોઈએ. માર્કેટમાં રોજ નવી પ્રોડક્ટ્સ આવે છે અને લોકો માગે છે એટલે અમારે પણ સમયાંતરે અપગ્રેડ થતા રહેવું પડે છે. રબર અને ગ્લિટર માસ્કનો ઉપયોગ હાલમાં જ શરૂ થયો છે. તમે એને મૉડર્ન માસ્ક પણ કહી શકો. બીજું, આવા માસ્ક ખૂબ મોંઘા આવે છે એટલે બધાને પોસાતા નથી. આપણે ત્યાં પાર્લરમાં ફેશ્યલ ટ્રીટમેન્ટ માટે આવતી મહિલાઓમાંથી ૩૫થી ૪૦ ટકા મહિલાઓ જ એને અપ્લાય કરવાનો આગ્રહ રાખે છે. જોકે કેટલાક રેગ્યુલર ક્લાયન્ટ્સ કઈ પ્રોડક્ટ્સ વાપરવી એનો નિર્ણય અમારા પર જ છોડી દે છે. માસ્કની વિશ્વસનીયતા વિશે કંઈ કહેવું મુશ્કેલ છે, પણ એની કોઈ આડઅસર થયાની ફરિયાદ હજી સુધીમાં આવી નથી. સ્કિનની ક્વૉલિટી અનુસાર ૧૫થી ૨૫ દિવસે એક વાર એનો ઉપયોગ કરવો હિતાવહ છે.’ ગોલ્ડ, સિલ્વર અને ચારકોલ ગ્લિટર માસ્ક અત્યારે પૉપ્યુલર છે. વાસ્તવમાં એમાં કુદરતી ધાતુઓ અને ન્યુટ્રિયન્ટ્સ ઉમેરવામાં આવે છે કે નહીં અને એનું પ્રમાણ કેટલું હશે એ વિશે ચોક્કસ કહી ન શકાય, પરંતુ એના ઉપયોગથી સ્કિન ટાઇટ થાય છે તેમ જ સ્પાર્કના કારણે ગ્લો કરે છે અને એથી જ મહિલાઓમાં લોકપ્રિય છે.

આટલી તકેદારી રાખો

કોઈ પણ માસ્કને પંદરથી વીસ મિનિટથી વધારે સમય સુધી ચહેરા પર લગાવી ન રાખવો. આમ કરવાથી ચહેરાની ત્વચા ફાટી જવાના ચાન્સિસ વધી જાય છે. ચારકોલ અને અન્ય ગ્લિટર માસ્કમાં ઉમેરવામાં આવેલા સ્પાર્કમાં બનાવટનો ભય વધુ રહેલો છે. સંવેદનશીલ ત્વચા પર ચારકોલની આડઅસર થવાની શક્યતા વધારે છે. મૉડલિંગ માસ્કને વધારે જોરથી ખેંચીને કાઢવા જતાં ત્વચા પર રૅશિસ થઈ શકે છે. વારંવાર એનો ઉપયોગ ટાળવો હિતાવહ છે. માસ્ક લગાવતી વખતે આંખમાં ન જાય એ વાતનું ખાસ ધ્યાન રાખવું. સંવેદનશીલ ત્વચા ધરાવતી વ્યક્તિએ ડર્મેટોલૉજિસ્ટ દ્વારા માન્યતાપ્રાપ્ત ઉચ્ચ ગુણવત્તાવાળા માસ્કનો જ ઉપયોગ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. માસ્ક દૂર કર્યા બાદ ત્વચા પર આડઅસર દેખાય તો તરત ડૉક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

ફૈઝલના રાજીનામાની વાતને મહત્ત્વ આપવાની જરૂર ખરી?

રાજકારણીઓની ગુલામી કરવા કરતાં પોતે જ આઈએએસ અધિકારીઓ બોસ બને તેવું પણ હોય

ભારતમાં રાજકારણીઓ ક્યારેક એ રીતે વર્તે છે કે, આપણને સવાલ થાય કે આ લોકો પાસે બીજો કંઈ કામધંધો હશે કે નહીં? એટલા નવરાધૂપ કરેલી ને તેને કાશ્મીર કેડરમાં મુકાયેલા. કાશ્મીરમાં ફૈઝલ અલગ અલગ પોસ્ટ પર રહેલો ને છેવટે તેણે બુધવારે રાજીનામું આપી દીધું. ફૈઝલે આ રાજીનામા માટે કાશ્મીરમાં સતત ચાલી રહેલી હિંસા અને લોકો કાગડા-કૂતરાના મોતે મરી રહ્યા છે એ બાબતને જવાબદાર ગણાવી. ફૈઝલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને પણ આડે હાથ લીધી. મોદી સરકાર કાશ્મીરમાં રાજકીય પ્રક્રિયા માટે તૈયાર નથી એવો આક્ષેપ તેણે કર્યો ને ભારતમાં મુસ્લિમો હાંસિયામાં ધકેલાઈ ગયા છે એવું પણ કહ્યું. આ દેશના ૨૦ કરોડ મુસ્લિમો હિંદુવાદી તાકાતોના કારણે સાવ પતી ગયા છે ને દેશમાં સેક્ધડ ક્લાસ સિટીઝન તરીકે જીવી રહ્યા છે. ફૈઝલે કાશ્મીરનું ભલું કરવાની ને બીજી પણ ઘણી ડાહી ડાહી વાતો કરી છે. આ પહેલાં પણ ફૈઝલે ઘણી વાર સિદ્ધાંતોની ને એવી બધી વાતો કરેલી જ.

ફૈઝલની આ બધી વાતો સાંભળીને કૉંગ્રેસના પી. ચિદમ્બરમ ફોર્મમાં આવી ગયા. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સામે ખાર છે. ફૈઝલના રાજીનામાને કારણે તેમને એ ખાર કાઢવાનો મોકો મળી ગયો. ચિદમ્બરમે જાહેર કર્યું કે, ફૈઝલે કહેલી એક-એક વાત સાવ સાચી છે ને ભાજપ સરકાર માટે આ આક્ષેપો કલંક સમાન કહેવાય. ચિદમ્બરમના પગલે ઉમર અબ્દુલ્લા પણ કૂદી પડ્યા ને તેમણે પણ મોદી સરકારને બેફામ ગાળો આપી દીધી.

ગુરૂવારે આ બંનેને જવાબ આપવા મોદી સરકારના પ્રધાન જિતેન્દ્રસિંહ કૂદી પડ્યા. જિતેન્દ્રસિંહે ફૈઝલની વાતોને વાહિયાત ગણાવી અને કાશ્મીરમાં લશ્કરી જવાનો દ્વારા કરાતી કાર્યવાહીને યોગ્ય ગણાવી. તેમણે આડકતરી રીતે ફૈઝલને પણ લપેટમાં લઈને એવું કહ્યું કે, ફૈઝલમાં લડવાની તાકાત જ નથી ને આતંકવાદીને આતંકવાદી કહેવાની પણ હિંમત નથી. ફૈઝલના મામલે બીજા પણ રાજકારણીઓ હજુ ડબકા મૂકશે કેમ કે આપણે ત્યાં રાજકારણીઓને બીજા રાજકારણીને જવાબ આપવાની બહુ ખૂજલી હોય છે.

એ વાત આપણે બાજુ પર મૂકીએ ને ફૈઝલના રાજીનામાની વાત પર પાછા આવીએ ને આપણા રાજકારણીઓના નવરાપણાની વાત કરીએ. ફૈઝલ જાણીતો ચહેરો હતો તેથી તેના રાજીનામાના સમાચાર મીડિયામાં આવ્યા એ બરાબર છે પણ તેનું રાજીનામું એટલો મોટો મુદ્દો છે ખરો કે, આપણા રાજકારણીઓએ તેના વિશે આટલી ચોવટ કરવી પડે? ફૈઝલે જે નિર્ણય લીધો એ તેમનો અંગત નિર્ણય છે ને એ માટે જે કારણો આપ્યાં એ પણ તેમનાં પોતાનાં કારણો છે. ચિદમ્બરમ જેવા નવરા માણસોએ એ વાતને પકડી લીધી કેમ કે તેના કારણે ભાજપને ભાંડવાની તક મળે છે પણ ભાજપે તેની સામે રીએક્શન આપવાની જરૂર ખરી? બિલકુલ નહીં. ભાજપ તેની સામે રીએક્શન આપીને તેને વધારે પડતું મહત્ત્વ આપી રહ્યો છે. આ દેશમાં આઈએએસ છોડનારો ફૈઝલ પહેલો માણસ નથી ને છેલ્લો પણ નહીં હોય. એ તેનો પોતાનો નિર્ણય છે ને એ નિર્ણય લેવાનો તેને અધિકાર છે. વાત ત્યાં પૂરી થઈ જવી જોઈએ પણ રાજકારણીઓના કારણે ફાલતુ મુદ્દો છેલ્લા બે દિવસથી ચાલી રહ્યો છે.

ફૈઝલે જે વાતો કરી છે એ બકવાસ છે એ કહેવાની જરૂર નથી. આ દેશના એક ખૂણામાં રહીને ફૈઝલ આ દેશના ૨૦ કરોડ મુસલમાનો વિશે અભિપ્રાયની ફેંકાફેંકી કરી રહ્યો છે એ જોઈને હસવું આવે છે. આ દેશમાં મુસ્લિમો બહુ મહત્ત્વનું અંગ છે ને આ દેશના વિકાસમાં તેમનું મોટું યોગદાન છે જ. આ દેશના બહુમતી મુસ્લિમો સામાન્ય લોકોની જેમ જ જિંદગી જીવે છે ને સામાન્ય લોકોને મળતા બધા લાભો ભોગવે છે. આ દેશના બીજા કરોડો સામાન્ય લોકોને પડતી તકલીફો તેમને પણ પડે છે ને તેમને કોઈ રીતે આ દેશનાં લોકોથી અલગ કરી શકાય એમ નથી. આ સંજોગોમાં મુસ્લિમો વિશે કહેવાતી આ બધી વાતો બકવાસ છે. ફૈઝલ જેવા લોકો આ બધી વાતો કેમ કરે છે એ કહેવાની જરૂર નથી. મુસ્લિમોના મસીહા બનીને તેનો રાજકીય ફાયદો મેળવવાની તેમની મનસા હોય છે ને ફૈઝલ પણ એ જ કરી રહ્યો છે.

ફૈઝલ શું નિર્ણય લે છે એ ખબર નથી પણ એવી અટકળો ચાલી રહી છે કે, ફૈઝલ નેશનલ કોન્ફરન્સમાં જોડાઈ જશે ને બારામુલ્લા લોકસભા બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડશે. ફૈઝલ શું કરશે તેની ખબર શુક્રવારે એટલે કે આજે પડવાની જ છે પણ એ નેશનલ કોન્ફરન્સમાં જોડાશે તો તેનો અસલી ચહેરો છતો થશે. ફૈઝલ અત્યાર લગી સિદ્ધાંતોની ને બીજી જે બધી વાતો કરે છે તેની સાથે નેશનલ કોન્ફરન્સના અત્યાર લગીના રાજકારણનો મેળ ખાતો નથી. નેશનલ કોન્ફરન્સ આમ તો અબ્દુલ્લા ખાનદાનની બાપીકી પેઢી જ છે. શેખ અબ્દુલ્લાએ નેશનલ કોન્ફરન્સ સ્થાપેલી, પછી એ પોતાના દીકરા ફારૂક અબ્દુલ્લાને આ પેઢી સોંપતા ગયા ને ફારૂકે પોતાના દીકરા ઉમરને પેઢી સોંપી દીધી છે. હવે ઉમર આ પેઢીનો કારભાર કરે છે ને એ પણ ભવિષ્યમાં પોતાનાં સંતાનોને આ પેઢી સોંપતો જશે એ નક્કી છે.

ભારતમાં વંશપરંપરાગત શાસન સામાન્ય છે ને તેમાં પણ રાજકારણમાં તો એની જ બોલબાલા છે તેથી એ વાતને અવગણી શકાય પણ નેશનલ કોન્ફરન્સમાં એ સિવાય બીજું કશું પણ વખાણવા જેવું નથી. શેખ અબ્દુલ્લા આઝાદી પહેલાંથી કાશ્મીરના રાજા હરિસિંહને હટાવવા મચી પડેલા ને તેમની દાનત કાશ્મીર પર રાજ કરવાની હતી જ. મહત્ત્વાકાંક્ષા હોવી ખરાબ વાત નથી તેથી અબ્દુલ્લામાં મહત્ત્વાકાંક્ષા હતી એ અવગુણ ના કહેવાય પણ આ મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા શેખ સાવ છેલ્લે પાટલે જતાં પણ ખચકાયેલા નહીં.

પાકિસ્તાને ૧૯૪૭માં પહેલી વાર કાશ્મીર પર આક્રમણ કર્યું એ વખતે શેખ ભારતની પડખે રહેલા તેના કારણે થોડાં વરસો શેખને ભારતે સહન કર્યા પણ પછી શેખ કાશ્મીર પોતાના બાપનો માલ હોય એ રીતે વર્તવા માંડ્યા તેથી જવાહરલાલ નહેરૂએ તેમને જેલમાં નાંખવા પડેલા. એ અલગ ઈતિહાસ છે ને તેની વાત અત્યારે નથી માંડવી પણ ત્યારથી જ અબ્દુલ્લા પરિવારનો ઈતિહાસ સત્તા માટે ગમે તે હદે જવાનો છે. જરૂર પડે ત્યારે ભારતના પડખામાં ભરાઈ જવાનું ને ગરજ પડે ત્યારે ભારત સામે ઘૂરકિયાં કરીને પાકિસ્તાનની દલાલી કરવી એ તેમનો ઈતિહાસ છે.

રાજકીય રીતે પણ અબ્દુલ્લા પરિવાર હળાહળ તકવાદી છે ને ગરજ પડે ત્યાર ગધેડાને બાપ કહેવામાં તેમને શરમ નથી નડતી. એ લોકોએ ભાજપને ભરપેટે ગાળો પણ આપી છે ને સત્તા માટે ભાજપના પડખામાં પણ ભરાયા છે, ભાજપ સાથે સત્તામાં ભાગીદારી પણ કરી છે. કૉંગ્રેસના મામલે પણ તેમનું વલણ એવું જ છે. તેમને સત્તામાં રસ છે, બીજાંનું જે થવું હોય તે થાય. આ માહોલમાં ફૈઝલ નેશનલ કોન્ફરન્સમાં જોડાશે તો તેનો અર્થ એ જ થાય કે, તેને પણ પહેલેથી સત્તામાં જ રસ હતો. સિવિલ સર્વિસીસનો ઉપયોગ તો તેણે પોતાનું એક સ્ટેટસ બનાવવા કરેલો.

આપણે ત્યાં લોકોના ચાવવાના ને બતાવવાના દાંત જુદા જુદા હોય છે. ફૈઝલના કિસ્સામાં પણ એવું હોય એવી શક્યતા ખરી. એ વાતો ભલે લોકોનું ભલું કરવાની ને સિદ્ધાંતોની કરતો હોય પણ અંદરખાને તેને સત્તા ભોગવવાની ને કશું કર્યા વિના આખી જિંદગી સરકારી ખર્ચે કાઢી નાંખવાની ઈચ્છા પહેલેથી જ હોય એવું પણ બને. આઈએએસ અધિકારી બનીને રાજકારણીઓની ગુલામી કરવા કરતાં પોતે જ આઈએએસ અધિકારીઓનો બોસ બને એવું મનમાં હોય એવું પણ બને. જે હોય તે આજે ખબર પડશે જ.

શું ભારત સ્વચ્છ થશે ખરા...??? દેશમાં સૌથી વધુ ઈ-કચરો મુંબઈમાં

કાળા માથાના માનવીએ પોતાના પ્રયાસો અને મહેનતથી ઘણું બધું હાંસલ કર્યું છે અને મેળવ્યું છે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી, પણ આમાં ઘણી વખત એવો ભ્રમ થઈ જાય છે કે તેણે ઈશ્વરને મ્હાત આપી દીધી છે. પણ આ બધા વચ્ચે એક સચ્ચાઈ એ છે કે માણસે ભલે તેના પ્રયાસો અને ઉત્સુકતા, કલ્પના શક્તિને કારણે જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું તે ગુમાવી રહ્યો છે.

સાવ સીધી અને સરળ ભાષામાં કહેવાનું થાય તો આપણે કુદરતના તમામ જોખમોને જેટલા ઘટાડ્યા છે, એના કરતાં અનેક ગણા જોખમો વહોરી લીધા છે. એક રીતે ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી દુનિયાને ધરમૂળથી બદલી નાખી છે, એટલું જ નહીં આ ઉપકરણોને કારણે આપણી જિંદગી મનોરંજનથી ભરપૂર અને ઝડપી થઈ ગઈ છે. જોકે હવે જોવાની વાત તો એ છે કે આપણી વ્યસ્તતાના મૂળમાં પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જ છે. આ બધા વચ્ચે આશ્ચર્યની વાત તો એ છે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે એટલું જ મોટું જોખમ આપણે આપણી જાત અને સમગ્ર સમાજ માટે ઊભું કર્યું છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી પ્રગતિ અને વિકાસને પંખ જ નથી લગાવ્યા બલકે આપણી વિચારવાની અને સમજવાની શક્તિને પણ બદલી નાખી છે. પરંતુ આ જ ઈલેક્ટ્રોનિક ઉપકરણો હવે ઈ-કચરો બનીને આપણા માટે જોખમ બની રહ્યાં છે.

ઈ કચરો એક એવું જોખમ છે, જે આજથી દસ વર્ષ પહેલાં તો જરાય નહોતો દેખાતો પણ, છેલ્લાં પાંચ વર્ષ પહેલાં આ ઈ-કચરો દેખાવાની શરૂઆત થઈ અને આજે તેની ભયાનકતા જોઈને શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. જો ટૂંક સમયમાં જ આ ઈ-કચરા પર કાબૂ નહીં મેળવવામાં આવે તો એ દિવસ દૂર નથી કે આ ઈ-કચરો જ તમારી જિંદગીને કચરો બનાવી દેશે. આધુનિકતા અને વિજ્ઞાનનો ફાયદો તો બધા જ લોકો ઉઠાવવા માગે છે, પણ એના વપરાશ પ્રત્યે એટલી જવાબદારી અને શિસ્ત હોવી આવશ્યક છે. કદાચ આ જ કારણ છે કે આપણા કરતાં વધુ ઈ-કચરો પેદા કરનારા યુરોપ અને અમેરિકા જેવા દેશો તો હજી સુરક્ષિત છે, કે પછી સુરક્ષિત રહી શકશે, પણ આપણે ત્યાં ઈ-કચરા અંગે નાગરિકોમાં અસંવેદનશીલતા અને લાપરવાહી જોવા મળી રહી છે. આ લાપરવાહી આપણને ક્યાંયના નહીં રહેવા દે. આ લાપરવાહી, અસંવેદનશીલતા અને સમાજ પ્રત્યેની આપણી ઉદાસીનતા આપણને ઈ-કચરાના એવા દલદલમાં ફેંકી દેશે જેમાંથી બહાર નીકળવાનું અઘરું થઈ પડશે. એટલું નહીં આ ઈ કચરો આપણા આરોગ્ય અને સુરક્ષિત ભવિષ્ય સામે કેટલાય સવાલો



ઉપસ્થિત કરશે.

ભારતમાં સૌથી વધુ કચરો મુંબઈમાંથી ઉત્પન્ન થાય છે અને આખા વર્ષ દરમિયાન એકલા મુંબઈમાંથી લગભગ ૪.૫ લાખ ટન ઈ-કચરો એકઠો થાય છે અને ત્યાર બાદ વારો આવે છે દેશની રાજધાની દિલ્હીનો. ૨૦૧૬-૧૭માં દિલ્હીમાં ઈ-કચરાનું પ્રમાણ ૮ લાખ ટન જેટલું હતું અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવનારા સમયમાં કદાચ આ પ્રમાણ વર્ષના પાંચ લાખ ટન જેટલું થઈ જવાની શક્યતા છે. જો ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરનારાઓ જો ઈ-કચરાના નિકાલ વિશે અત્યારથી નહીં વિચારે તો દિલ્હીને ઈ-કચરાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે.

ઉલ્લેખનીય છે કે પહેલી મે, ૨૦૧૨થી રાજધાની દિલ્હીમાં ઈ-કચરા અધિનિયમ ૨૦૧૧ લાગુ કરવામાં આવ્યો છે પણ એ જ દિલ્હીના ૯૬ ટકા લોકોનો મોબાઈલ ફોન, જૂના મોનિટર, કમ્પ્યુટર, લૅપટોપ એ માત્ર તેમના જ નહીં પણ તેમની આસપાસના લોકો માટે પણ જોખમી છે એની જાણ જ નથી. દિલ્હી જ નહીં પૂરા દેશમાં લાગુ કરવામાં આવેલા આ અધિનિયમ બાદ ઈ-કચકાનો નિકાલ હવે ઈલેક્ટ્રોનિક ઉત્પાદકની જવાબદારી બની જશે. અત્યાર સુધી ઈલેક્ટ્રોનિક કચરાનો સુરક્ષિત નિકાલ કરવાની જવાબદારીમાંથી ઉત્પાદકો હાથ પાછા ખેંચી લેતા હતા, જેને કારણે રાજધાની દિલ્હીના કેટલાક ખાસ વિસ્તારમાં ઈ-કચરો એકઠો થતો હતો અને અયોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવતો હતો. દેશના પાટનગરમાં લગભગ૩૫,૦૦૦ લોકો આ રીતે ઈ-કચરો એકઠો કરે છે. ભારતના દરેક શહેર ઈ-કચરો પેદા કરે છે, પણ દિલ્હી આ બાબતે અન્ય શહેરો કરતાં વધુ અસુરક્ષિત છે, કારણ કે અહીં બીજા શહેરોનો ઈ-કચરો પણ આવે છે. આ રીતે દિલ્હીવાસીઓ પોતાના ઈ-કચરાને કારણે મુશ્કેલીનો સામનો કરી જ રહ્યા છે, પણ તેની સાથે સાથે બીજા શહેરોના ઈ-કચરાનો બોજો પણ ઉઠાવવો પડે છે.

ઈ-કચરામાંથી ઝેરી તત્ત્વો નીકળે છે જેવા કે પારો, કેડિયમ, સિલિકોન, ઝિંક, કૉપર, ક્રૉમિયમ, સીસુ, નિકલ અને મૅગેનીઝનો સમાવેશ થાય છે. એટલે જ જૂના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનો અયોગ્ય રીતે નિકાલ કરવાને કારણે લોકોને ખૂબ જ નુકસાન પહોંચે છે. આને કારણે કૅન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું.

દિલ્હીમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વયારમેન્ટ્સ દ્વારા થોડાક સમય પહેલાં જ એ જગ્યાઓ પર જઈને અધ્યયન કરવામાં આવ્યું હતું જ્યાં જૂના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને બાળવામાં આવતા હતા. આવા વિસ્તારની આસપાસની હવા અને જમીનમાં ઝેરી તત્ત્વો જોવા મળ્યા હતા. એટલું જ નહીં આવા વિસ્તારમાં કામ કરનારા લોકોને કૅન્સર થવાનું જોખમ વધુ હતું. ઈ-કચરામાંથી નીકળનારા ઝેરી તત્ત્વો લીવર અને કિડની પર તો વિપરીત અસર કરે જ છે પણ તેની સાથે સાથે ઘણી વખત લકવાની અસર માટે પણ કારણભૂત બને છે.

ભંગારવાળા ઘરે ઘરે ફરીને આ ઈ-કરચો એકઠો કરે છે ત્યારે તેના માલિકોને આ ભંગારના બદલામાં અમુક રકમ ચૂકવે છે, પણ સરકારે ઈ-કચરા સંબંધિત બનાવેલા અધિનિયમમાં ઈ-કચરાના નિકાલની જવાબદારી તેના ઉત્પાદકો પર નાખી છે ત્યારે તેઓ આ કચરો લોકો પાસેથી ફીમાં લેવા માગે છે અને આ પાછળનું કારણ આપતા કંપનીઓ એવું જણાવે છે કે ઈ-કચરાના નિકાલમાં સારી એવી રકમ ખર્ચાઈ જાય છે. પરંતુ આ કંપનીઓ કદાચ એ ભૂલી જાય છે કે જો મોટી કંપની તરીકે તેમને નુકસાન થઈ શકે છે તો એ લોકોનું શું થતું હશે કે જેઓ ઈ-કચરો ખરીદે પણ છે અને તેના બદલામાં પૈસા પણ આપે છે.

રૂ.૫૦૦૦ કરોડ કરતાં ઉપર પહોંચી ગયેલાં દિલ્હીના ઈ-કચરાનો કારોબાર કાયદો બની ગયા બાદ લોકો માટે સુરક્ષિત તો ત્યારે જ થશે કે જ્યારે લોકો જવાબદારીપૂર્વક વર્તશે અને ભવિષ્યની પેઢી પ્રત્યેની પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ થશે, નહીં તો આપણી આ બેજવાબદારી અને લાપરવાહી આપણને નુકસાન પહોંચાડ્યા વિના નહીં રહે!

ગ્રાન્ડસ્લેમના સિંગલ્સ મેન ડ્રોમાં ક્વોલિફાઇ થનાર પ્રજનેશ ત્રીજો ભારતીય

મેલબર્ન

ભારતીય ટેનિસ ખેલાડી પ્રજનેશ ગુણેશ્વરન ઓસ્ટ્રેલિયન ઓપનના પુરુષ સિંગલ્સના મેન ડ્રોમાં જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે. ચેન્નઈના ૨૯ વર્ષના આ ખેલાડીએ ત્રીજા અને અંતિમ ક્વોલિફાઇંગ મેચમાં જાપાનના વતાનુકી સામે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ વાપસી કરતા ૬-૭, ૬-૪, ૬-૪થી જીત મેળવી હતી.



પ્રજનેશ છેલ્લા પાંચ વર્ષમાં કોઈપણ ગ્રાન્ડ સ્લેમના સિંગલ્સ મેન ડ્રોમાં ક્વોલિફાઇ કરનાર સોમદેવ દેવવર્મન અને યૂકી ભાંબરી બાદ માત્ર ત્રીજો ભારતીય ખેલાડી છે. યૂકીએ ૨૦૧૮મા ઘૂંટણની ઈજા પૂર્વે ચારેય ગ્રાન્ડસ્લેમમાં ભાગ લીધો હતો, જ્યારે સોમદેવે ૨૦૧૩મા અમેરિકી ઓપનમાં અંતિમ ગ્રાન્ડસ્લેમના મુખ્ય રાઉન્ડમાં રમ્યો હતો. આ જીત બાદ પ્રજનેશે કહ્યું, આ મારા માટે મોટી સિદ્ધિ છે. પ્રથમવાર કોઈ ગ્રાન્ડસ્લેમમાં રમીશ. મેં આ સપનું જોયું હતું. હું ઘણો ખુશ છું અને વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી, પરંતુ આ મોટી વાત છે.

ક્વોલિફાઇંગ રાઉન્ડમાં ત્રણ મેચ જીતવા માટે પ્રજનેશ ૪૦,૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર (લગભગ ૨૦ લાખ રૂપિયા) અને ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય રાઉન્ડનો પ્રથમ મુકાબલો રમવા માટે લગભગ ૩૮ લાખ રૂપિયાની પુરસ્કાર રાશિનો હકદાર હશે, જેનાથી ૨૦૧૯ની સિઝનનો તેન ઘણો ખર્ચ નિકળી જશે.

વી.વી.એસ લક્ષ્મણ બન્યા અમદાવાદના મહેમાન, ડિજિટેલાઈઝેશનને વખાણ્યું



અમદાવાદ

સ્માર્ટ સ્કૂલની મૂવમેન્ટને સપોર્ટ કરવા માટે શનિવારે કોબા ખાતેની પ્રાથમિક શાળામાં ખ્યાતનામ ક્રિકેટર વીવીએસ લક્ષ્મણે મુલાકાત લીધી હતી. લક્ષ્મણે સરકારના ડિજિટેલાઇઝેશનને આગળ વધારવાના પ્રયાસની પ્રસંશા કરી હતી. ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે સ્માર્ટ કલાસ રૂમની મુલાકાત લીધી હતી.

તેમણે ગાંધીનગરના કોબા ખાતે નવા કોબા પગાર કેન્દ્ર શાળામાં મુલાકાત લીધી. દોઢ વર્ષ પહેલાં મુખ્ય મંત્રીના હસ્તે સ્માર્ટ કલાસ રૂમની શરૂઆત કરાઈ હતી. આ સ્માર્ટ કલાસ રૂમમાં ૧૫ ક્રોમ પેડ સાથે ૧૦૦ વિદ્યાર્થી ડિજિટલ અભ્યાસ કરે છે. અત્યાર સુધી ૪૦ ટકા ગ્રામીણ વિસ્તારને ડિજિટલી કનેક્ટ કરાયા છે. હજુ ૬૦ટકા વિસ્તારને કનેક્ટ કરવાની કામગીરી ચાલુ છે. ક્રિકેટર વી વી એસ લક્ષ્મણે સ્માર્ટ કલાસ રૂમના પ્રયાસને વખાણ્યો હતો.

મહિલા ક્રિકેટર ઈડુલ્જીએ બન્ને ખેલાડીઓના નિવેદનોને શરમજનક ગણાવ્યા

OMG...હાર્દિક પંડ્યા અને કેએલ રાહુલ વર્લ્ડકપ ૨૦૧૯માં પણ નહીં રમે..?!!

ન્યુ દિલ્હી

કરણ જોહરના શો પર કરવામાં આવેલી કથિત ટિપ્પણીઓની કિંમત હાર્દિક પંડ્યા અને કેએલ રાહુલને વિશ્વકપ ૨૦૧૯માંથી બહાર રહીને ચૂકવવી પડી શકે છે. આવો ઈશારા પ્રશાસનિક સમિતિની સભ્ય અને પૂર્વ ભારતીય મહિલા ક્રિકેટર ડાયના ઈડુલ્જીએ આપ્યો છે. જો કે, શુક્રવારે ડાયનાની ભલામણ બાદ પંડ્યા અને રાહુલને આગળના કોઈ એકશન પહેલા સસ્પેંડ કરવામાં આવ્યા છે. તેમને ભલામણ કર્યા પહેલા ઈડુલ્જીએ કાયદાકીય સલાહ આપી હતી.

લૉ ફર્મે ઈડુલ્જીને જાણકારી આપી હતી કે, બન્ને ખેલાડીઓની ટિપ્પણીઓને કોડ ઓફ કંડક્ટનું ઉલ્લંઘન ના માનવું જોઈએ. ત્યારબાદ ઈડુલ્જીએ આગામી કોઈ એક્શન સુધી બન્ને ખેલાડીઓને સસ્પેંશનની ભલામણ કરી હતી. ત્યારબાદ બન્ને ખેલાડીઓને ઓસ્ટ્રેલિયા પ્રવાસ વચ્ચે જ અટકાવીને ભારત પાછા બોલાવી લેવામાં આવ્યા છે. એક અંગ્રેજી અખબાર સાથે વાત કરતા ઈડુલ્જીએ જણાવ્યું કે, હવે બીસીસીઆઈ પેનલ બનાવશે અને તેઓ નક્કી કરશે કે બન્ને ખેલાડીઓ માટે શું સજા હોઈ શકે. જ્યારે પુછવામાં આવ્યું કે આ બન્ને ખેલાડીઓ ૩૦ મેથી શરૂ થતા વર્લ્ડકપનો ભાગ નહીં બને? તેના પર ઈડુલ્જીએ કહ્યું કે, કદાચ એવું બની પણ શકે.

ઈડુલ્જી પોતે બન્ને ખેલાડીઓએ આપેલા નિવેદનોને શરમજનક માની રહી છે. તેમણે કહ્યું કે, આ શરમજનક છે કે બન્ને ખેલાડીઓએ મહિલાઓ માટે આવી વાત કહી છે. ક્રિકેટર્સ બાળકોના રોલ મૉડલ હોય છે. તેમના નિવેદનથી બીસીસીઆઈની ઈમેઝ પણ ખરાબ થાય છે. ઈડુલ્જીએ કહ્યું કે, નિર્ણય લેતી વખતે આ વાતનું ધ્યાન રાખવામાં આવશે નહીં, તેમણે કહ્યું કે, રમત અને સંસ્થાનથી મોટું કોઈ નથી.

કોફી કડવી થઈ ગઈ... હાર્દિક પંડ્યાની માર્કેટ ઈમેજ પણ ખરડાઈ

ન્યુ દિલ્હી

ટીવી શોમાં મહિલાઓ પર કથિત વિવાદાસ્પદ ટિપ્પણી બાદ હાર્દિક પંડ્યા અને કે.એલ.રાહુલને સસ્પેન્ડ કરી દીધા છે. ત્યારબાદ શેવિંગ રેઝર જિલેટ માક-૩ એ પોતાને પંડ્યાથી અલગ કરી દીધા.

ટીવી શોમાં મહિલાઓ પર કથિત વિવાદાસ્પદ ટિપ્પણી કર્યા બાદ ક્રિકેટર હાર્દિક પંડ્યા અને રાહુલને સસ્પેન્ડ કરી દીધા છે. તેના લીધે તેમને ઓસ્ટ્રેલિયન પ્રવાસમાં અધવચ્ચેથી પાછા બોલાવી લીધા. પરંતુ તેમની મુશ્કેલીઓ અહીં ખત્મ થતી નથી. હવે રમતની સાથો સાથ બંનેની માર્કેટમાં બનેલી ઈમેજ પણ ખરાબ થવા લાગી છે. તેના લીધે તેમને જાહેરાત આપતી કંપનીઓએ પણ પોતાના હાથ ખેંચવાનું શરૂ કરી દીધું છે.

પંડ્યાને સૌથી પહેલા ઝાટકો શેવિંગ રેઝર જિલેટ માક-૩ એ આપ્યો છે. વિવાદને વધતો જોતા બ્રાન્ડે પોતાને પંડ્યાથી અલગ કરી દીધા છે. તેમના પ્રવકતા એ કહ્યું કે હાર્દિકની તાજેતરની કોમેન્ટ સાથે કંપનીનું કોઈ જોડાણ નથી. તેઓ અમારા મૂલ્યોને દર્શાવતા નથી. આગળના કોઈપણ આદેશ સુધી અમે હાર્દિકને અમારાથી અલગ કરીએ છીએ.

આપને જણાવી દઈએ કે પંડ્યા હાલ અંદાજે ૭ બ્રાન્ડસ સાથે જોડાયેલો છે. જ્યારે રાહુલ જર્મન સ્પોર્ટ્સવિયર બ્રાન્ડ પૂમા અને ફિટનેસ સ્ટાર્ટઅપ ક્યોરફિટની જાહેરાત કરે છે. બંને સાથે જોડાયેલ બાકી બ્રાન્ડસે હજુ સુધી કોઈ કાર્યવાહી કરી નથી. પરંતુ આવનારા સમયમાં તેઓ પણ એકશન લેતા દેખાઈ શકે છે.

સ્ટાર્સની બ્રાન્ડ વેલ્યુ સાથે જોડાયેલ રિપોર્ટ રજૂ કરનાર ડફ એન્ડ ફેલ્પ્સ કંપનીના એમડી અવરિલ જૈને અગ્રણી મીડિયા સાથે વાત કરાતં કહ્યું કે વિવાદ બાદ બ્રાન્ડસે પોતાને અલગ કરવું સામાન્ય છે. અહીં તેમણે અભિનેતા આમિર ખાન અને ગોલ્ફર ટાઇગર વુડસનું ઉદાહરણ આપ્યું હતું, જેમના વિવાદ સાથે નામ જોડાતા જાહેરાત આપતી કંપનીઓએ પોતાના હાથ ખેંચી લીધા હતા.

કોફી વિથ કરન વિવાદ,હાર્દિક-રાહુલ ઓસી.થી પરત ફરશે

ટીમ ઈન્ડિયામાંથી હાર્દિક-રાહુલ OUT, વિજય શંકર-શુભમન ગિલ IN



સિડની

ટોક શો 'કોફી વિથ કરન'માં મહિલાઓ અંગે વિવાદીત નિવેદન આપ્યા બાદ ભારયીય ક્રિકેટર હાર્દિક પંડ્યા અને કેએલ રાહુલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જે બાદ હાલ ઓસ્ટ્રેલિયામાં ચાલી રહેલી વન ડે સીરિઝ અને આગામી ન્યૂઝિલેન્ડ પ્રવાસ માટે રાહુલ અને પંડ્યાની જગ્યાએ ઓલરાઉન્ડર વિજય શંકર અને શુભમ ગિલનો ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

૨૭ વર્ષીય શંકર ભારતીય ટીમ માટે ટી૨૦ મેચ રમી ચૂક્યો છે, જ્યારે ૧૯ વર્ષીય ગિલને અત્યાર સુધી કોઈપણ ફોર્મેટમાં ચાન્સ મળ્યો નથી.

તમિલનાડુનો શંકર ૧૫ જાન્યુઆરીએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ એડિલેડમાં રમાનારી બીજી વન ડે પહેલાં ટીમ સાથે જોડાશે. જ્યારે ગિલ ન્યૂઝિલેન્ડમાં વન ડે અને ટી૨૦ માટે ટીમ સાથે જોડાશે. પંજાબ તરફથી રણજી રમનાર શુભમ ગિલ ઘરેલૂ ક્રિકેટમાં સતત શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે.


ઉલ્લેખનીય છે કે, ભારતીય ટીમના બે ખેલાડી હાર્દિક પંડ્યા અને કેએલ રાહુલે ટીવી શો 'કોફી વિથ કરન'માં મહિલાઓ અંગે કરેલી આપત્તિજનક ટિપ્પણી અંગે હવે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ પોતાનું મૌન તોડ્યું હતું. આ અંગે વિરાટે કહ્યું હતું કે ભારતીય ટીમ બંને ક્રિકેટરોના આવા મત સાથે બિલકુલ સહમત નથી. ટીવી શો દરમિયાન હાર્દિક અને કેએલ રાહુલે જે ટિપ્પણી કરી હતી તે તેમનો વ્યક્તિગત મત હોઈ શકે.

લોકેશ રાહુલનો ઘટસ્ફોટઃ 'હાર્દિકને બોલવાનું ભાન જ નથી'

જે બસમાં હાર્દિક-રાહુલ હોય તેમાં હું મારી પત્ની સાથે નહીં બેસું: હરભજન સિંહ

ન્યુ દિલ્હી

ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને ઓપનર લોકેશ રાહુલે તાજેતરમાં કરણ જોહરના 'કૉફી વિથ કરણ' ટૉક-શોમાં અભદ્ર કમેન્ટ્સ કરી એને પગલે તેણે ક્રિકેટ બોર્ડ, સીઓએ, કૅપ્ટન વિરાટ કોહલી તેમ જ કરોડો ચાહકોનો રોષ વહોરી લીધો એ ઉપરાંત પીઢ ખેલાડીઓના ક્રોધનો પણ હવે તેમણે સામનો કરવો પડી રહ્યો છે. હરભજન સિંહે એક મુલાકાતમાં બન્નેની કમેન્ટ્સ વિશે પૂછાતાં કહ્યું હતું કે 'તેમણે ક્રિકેટરોની પ્રતિષ્ઠાને ખૂબ નુકસાન પહોંચાડ્યું છે. અમે સામાન્ય રીતે આવી બધી વાતો પોતાના મિત્રો સાથે પણ નથી કરતા હોતા, જ્યારે તેઓ જાહેર ટીવી કાર્યક્રમમાં એવું બોલ્યા. હદ કહેવાય. હવે લોકો કદાચ વિચારશે કે શું હરભજન સિંહ પણ આવો હશે? શું અનિલ કુંબલે પણ આવો



હશે? શું સચિન તેન્ડુલકર પણ આવો હશે?' હરભજન સિંહે એમ પણ કહ્યું કે તેઓ એ બસમાં પણ બેસવાનું પસંદ કરશે નહીં જેમાં પંડ્યા અને રાહુલ હોય. ભ�જ્જી એ કહ્યું કે જો ટીમ બસમાં મને મારી દીકરી કે પત્નીને લઇ જવાનું હોય અને તે બંને તેમાં હાજર હોય તો હું તેમાં ટ્રાવેલ કરીશ નહીં. તમે મહિલાઓને માત્ર એક જ એંગલથી જુઓ છો, તે યોગ્ય નથી. ખુદ લોકેશ રાહુલે મજાકને ગંભીર સ્વરૂપ આપવા બદલ હાર્દિકને વખોડ્યો હતો. જૂન, ૨૦૧૮માં વિક્રમ સાઠ્યેના 'વૉટ ધ ડક' પ્રોગ્રામમાં રવિચન્દ્રન અશ્વિન સાથે હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલે પણ ભાગ લીધો હતો. એ પ્રોગ્રામમાં રાહુલે વિક્રમને એક કિસ્સો વર્ણવતાં કહેલું, 'હાર્દિક પંડ્યા સાથે વાતચીતમાં સમય ગાળવો ઘણી વાર મુસીબતમાં મૂકી દે. તેના વર્તનથી ક્યારેક ડર લાગે છે. એક વખત એક મૅચ પહેલાં હું, હાર્દિક અને દિનેશ કાર્તિક વાતોએ વળગ્યા હતા. અમે ત્રણેયે એકમેકને અમારા મનની વાતો કહી હતી. જોકે, બીજા દિવસે હાર્દિકે કૅપ્ટન વિરાટ કોહલી પાસે જઈને બધુ ઓકી દીધું હતું. ક્યારે શું બોલવું એની હાર્દિકને કંઈ જ ભાન નથી. હું તો હાર્દિકને પછીથી ખૂબ વઢ્યો હતો. મેં તેને કહ્યું કે શુંકામ તું કૅપ્ટન પાસે દોડી ગયેલો? ક્યારે કોને શું કહેવું એની હાર્દિકને કશી જ ગતાગમ નથી. તેના મોં પર 'ગરણું' રહેતું નથી.'


દુષ્કર્મ મામલે પોલીસે કરી રોનાલ્ડોનાં ડીએનએ સેમ્પલની માંગ

લાસ વેગાસ

પોર્ટુગલના ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો પર લાગેલા દુષ્કર્મના આરોપમાં પોલીસે ડીએનએ સેમ્પલની માંગ કરી છે. પોલીસે રોનાલ્ડોના ડીએનએની માંગણી માટે ઈટાલીમાં હાજર અધિકારીઓને વૉરંટ મોકલ્યું છે. રોનાલ્ડો વર્તમાન સમયમાં ઈટાલીના ક્લબ યુવેંટસ માટે રમે છે. દુષ્કર્મ મામલે તપાસ અધિકારી એ જોવા માંગે છે કે પીડિતા કેથરીન માયોર્ગાના કપડાં પર રોનાલ્ડોનું ડીએનએ છે કે નહીં.

પોલીસની પ્રવક્તા લૌરા મેલ્ટજરે કહ્યું કે, "લાસ વેગાસ મેટ્રોપોલિટન પોલીસ ડિપાર્ટમેન્ટ આ મામલે ડીએનએના પુરાવાને એકત્ર કરવા એ જ પગલું લઈ રહી છે જે અન્ય કોઈ આરોપી વિરુદ્ધ લેવામાં આવે છે.

માયોર્ગાએ પોતાના સ્ટેટમેન્ટમાં કહ્યું હતું કે ૩૩ વર્ષીય રોનાલ્ડોએ ૧૦ વર્ષ પહેલા લાસ વેગાસની એક હોટલમાં તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. રોનાલ્ડો પર આ મામલે માયોર્ગાને આ મામલે



ચૂપ રહેવા હસ્તાક્ષર કરાવ્યા હતા તેવો પણ આરોપ લગાવ્યો છે.

માયોર્ગાએ દાવો કર્યો છે કે તેને મોઢું બંધ રાખવા માટે ૩,૭૫,૦૦૦ ડોલરની ઓફર મળી હતી. મામલો નોંધીને પોલીસે ફરીથી કાર્યવાહી શરૂ કરી છે. તેમાં મેડિકલ તપાસ ચાલુ છે. રોનાલ્ડો તેના પર લાગેલા આરોપને ખોટા ગણાવી ચૂક્યો છે. માયોર્ગાએ દાવો કર્યો છે કે તેને મોઢું બંધ રાખવા માટે ૩,૭૫,૦૦૦ ડોલરની ઓફર મળી હતી. મામલો નોંધીને પોલીસે ફરીથી કાર્યવાહી શરૂ કરી છે. તેમાં મેડિકલ તપાસ ચાલુ છે. રોનાલ્ડો તેના પર લાગેલા આરોપને ખોટા ગણાવી ચૂક્યો છે.

રોનાલ્ડોના વકીલ પીટર એસ ક્રિસ્ટીનસેને કહ્યું કે, "રોનાલ્ડોએ હંમેશાંથી એજ કહ્યું છે કે ૨૦૦૯માં લાસ વેગાસમાં જે પણ થયું તેમાં બંને પક્ષની મંજૂરીથી થયું છે. તેથી ડીએનએ મોજુદ હશે તે આશ્ચર્યની વાત નથી."

દિગ્ગજ એન્ડી મરેને પોતાની સિદ્ધિ પર ગર્વ થવો જોઈએઃ ફેડરર



મેલબર્ન- રોજર ફેડરરે કહ્યું કે, તે સ્તબ્ધ હતો કે ટેનિસ આ વર્ષે 'દિગ્ગજ' એન્ડી મરેથી દૂર થવાનું છે. તેમણે કહ્યું કે, સ્કોટલેન્ડના આ ખેલાડીને પોતાની સિદ્ધિ પર ખૂબ ગર્વ થવો જોઈએ. મરેએ શુક્રવારે જાહેરાત કરી હતી કે, એક વર્ષ પહેલા સર્જરી છતાં તેને કુલ્હાની ઈજામાંથી આરામ મળ્યો નથી.

મરેએ ખુલાસો કર્યોકે, તેને આશા હતી કે, વિમ્બલ્ડનની સાથે પોતાનો કરિયરનો અંત કરશે પરંતુ સતત દુખાવાને કારણે ઓસ્ટ્રેલિયન ઓપન તેની અંતિમ ટૂર્નામેન્ટ હોઈ શકે છે. ફેડરરે વર્ષના પ્રથમ ગ્રાન્ડસ્લેમની પૂર્વ સંધ્યા પર કહ્યું, તે જાણીને હું નિરાશ હતો અને દુખી પણ, થોડો સ્તબ્ધ કે અમે તેને ગુમાવશું.

ફેડરરે કહ્યું, પરંતુ અમે ક્યારેક ને ક્યારેક તમામને ગુમાવી દેશું. ફેડરરે સ્વીકાર કર્યો કે, તેનો, નોવાન જોકોવિચ, સાફેલ નડાલ અને મરેનો બિગ ફોરનો સમય પૂર્ણ થવાની નજીક છે.

ધોનીનું આઉટ થવું ટર્નિંગ પોઈન્ટ હતોઃ રિચર્ડસન

સિડની

ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં રોહિત શર્માના શાનદાર પ્રદર્શન બાદ પણ યજમાન ટીમ ભારતને ૩૪ રને હાર આપવામાં સફળ રહી હતી. ત્યારે મેન ઑફ ધ મેચ રિચર્ડસનએ મેચ વિશે જણાવ્યું હતું કે ઑસ્ટ્રેલિયા નસીબદાર રહ્યું કે શનિવારે સિડનીમાં રમાયેલી વન-ડે મેચમાં લેવાયેલા ખોટા નિર્ણયને કારણે મહેન્દ્ર સિંઘની વિકેટ મળી હતી.

જ્યારે રિચર્ડસને જણાવ્યું હતું કે એક સમય હતો કે બન્ને ખેલાડી સાથે મળીને સારી ભાગીદારી બનાવી રહ્યા હતા. એક સમય એવું લાગી રહ્યું હતું કે મેચ હાથમાં નથી. જોકે અમે નસીબદાર રહ્યા કે ધોનીને ન્ર્ઔ કરવામાં સફળ રહ્યા. ધોનીના આઉટ થયા પછી અમને વિકેટો મળવા લાગી હતી. રિચર્ડસનને ૨૬ રન આપીને ચાર વિકેટ લીધી હતી, જે તેમના કરિયરનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. તેમણે રોહિત શર્માના પણ વખાણ કર્યા હતા, પરંતુ તેમની સદી ભારતને જીત અપાવી શકી નહીં. તેમણે કહ્યું કે રોહિતે ખરેખર સારી બેટિંગ કરી હતી, તેમને સંપૂર્ણ શ્રેય જાય છે. તેમણે એકદમ સંયમ સાથે બેટિંગ કરી હતી અને ખાલી જગ્યાઓનો ખરો ઉપયોગ કર્યો હતો. રોહિત ખૂબજ સારો બેસ્ટમેન છે અને એટલા માટે આ મેચ દરમિયાન અમારી રણનીતિ એ જ હતી કે જેટલું બને તેટલું રોહિતને સ્ટ્રાઇકથી દૂર રાખવો.

૧૪ જાન્યુ.પહેલાં લીધેલ પરીક્ષાઓમાં અનામતનો લાભ લાગુ થઈ શકશે નહિ

સવર્ણોને આર્થિક અનામતનો લાભ આજથી લાગુ: ગુજરાત બન્યુ દેશમાં પ્રથમ રાજ્ય

ગાંધીનગર

કેન્દ્રની મોદી સરકારે મૂકેલા ૧૦ ટકા સવર્ણો અનામતના બિલને લોકસભા અને રાજ્યસભામાં મંજૂરી મળ્યા બાદ ગુજરાતમાં આવતીકાલથી જ તેનો અમલ કરાશે. આવતીકાલે એટલે કે મકરસંક્રાંતિના દિવસથી જ રાજ્યના ઉચ્ચ શૈક્ષણિક પ્રવેશ અને સરકારી નોકરીઓમાં બિન અનામત રીતે આર્થિક રીતે નબળા વર્ગોને ૧૦ ટકા અનામતનો લાભ આપવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

રાજ્યમાં મળવાપાત્ર શૈક્ષણિક પ્રવેશ અને સરકારી નોકરીઓની જાહેરાત થઈ હોય પરંતુ ભરતી માટેના કોઈ તબક્કાની પ્રકિયા શરૂ ન થઈ હોય તેને આ લાભ મળવા પાત્ર થશે. આવી ભરતી અને પ્રવેશ હાલ સ્થગિત રાખીને તેમાં પણ આ ૧૦ટકા અનામતનો લાભ અપાશે.

ઉલ્લેખનીય છે કે, ૧૪ જાન્યુઆરી પહેલા જે ભરતી પ્રક્રિયામાં લેખિત-મૌખિક પરીક્ષા તેમજ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટ પ્રિલીમીનરી પરીક્ષા થઈ ગઈ છે તેને આ અનામતનો લાભ લાગુ થઈ શકશે નહીં. ભરતી માટેની કોઈ જ પ્રક્રિયા શરૂ ન થઈ હોય અને માત્ર જાહેરાત જ આપવામાં આવી હોય તેવા કિસ્સામાં નવી જાહેરાત આપીને ભરતી પ્રક્રિયા કરવાની રહેશે.

આ ૧૦ ટકા અનામત એસસી, એસટી અને એસઈબીસીને મળવા પાત્ર ૪૯ ટકા ઉપરાંતની રહેશે. મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારે બિનઅનામત વર્ગોને ૧૦ ટકા અનામત આપવાના કરેલા નિર્ણયને સૌ પ્રથમ પ્રતિસાદ આપતા આ નિણર્ય કર્યો છે.

ઉલ્લેખનિય છે કે, મંગળવારે સંસદના શિયાળુ સત્રનો અંતિમ દિવસ છે. અનામતનો લાભ લેવા માટે પાસબુક, ચેકબુક અને આધારકાર્ડ અને ઇક્મટેક્સ રિટર્ન પણ બતાવવું પડશે. આ ઉપરાંત જાતિ પ્રમાણપત્ર, બીપીએલ કાર્ડ અને પાનકાર્ડ પણ આ લાભ લેવા માટે કોપી આપવી પડશે.

મુખ્યમંત્રીએ એક જ દિવસમાં આપ્યા સરકારી નોકરીના ૧૧,૭૭૧ નિમણૂકપત્રો

સિક્કિમ સરકાર દરેક પરિવારના એક સભ્યને નોકરી આપશે

ગંગટોક

સિક્કિમના મુખ્યમંત્રી પવનકુમાર ચામલિંગે 'એક પરિવાર, એક નોકરી' યોજનાનો પ્રારંભ કરાવ્યો છે. આ અંતર્ગત રાજ્યના પ્રત્યેક પરિવારના એવા એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે, જેમનું કોઈ સભ્ય સરકારી નોકરીમાં ન હોય

આ સાથે જ તેમણે ખેતી અને કૃષિ ક્ષેત્રમાં કાર્યરત લોકોની લોનમાફ કરવાની પણ જાહેરાત કરી છે. ચામલિંગ આઝાદી બાદના સૌથી વધુ લાંબો સમય મુખ્યમંત્રી પદે રહેનારા વ્યક્તિ છે. તેમણે આયોજિત એક રોજગાર મેળામાં ઉક્ત યોજનાનો આરંભ કરાવ્યો હતો. આ સાથે તેમણે ૩૨ વિધાનસભા ક્ષેત્રના લોકોને અસ્થાયી નિમણૂંક પત્રો સોંપ્યા હતા

ચામલિંગે ૧૧,૭૭૧ લોકોને સરકારી નોકરીના નિમણુંક પત્રો સોંપતા જણાવ્યું હતું કે, અન્ય લોકોને પણ આ દસ્તાવેજ જલ્દીથી મળી જશે. આ પૂર્વે મુખ્યમંત્રીએ ૨૦,૦૦૦ યુવાનોને તુરત જ અસ્થાયી નોકરી આપવાનું એલાન કર્યું હતું

સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના મુખ્યમંત્રી ચામલિંગે કહ્યું હતું કે, ' સિક્કિમ દેશનું પ્રથમ એવું રાજ્ય બની ગયું છે, જ્યાં લોકો માટે એવી વિશેષ વ્યવસ્થા કરીને રોજગારીનું આયોજન કરવામાં આવે છે, જે હવે સરકારી સુવિધાઓના હક્કદાર બની જશે. અત્યાર સુધીમાં સરકારે માત્ર ૬.૪ લાખની વસતી ધરાવતા આ રાજ્યના એક લાખથી વધુ લોકોને સરકારી નોકરીમાં રાખ્યા છે. ચામલિંગના મતે સિક્કિમ દેશની એકમાત્ર એવું રાજ્ય છે, જે સરકારી કર્મચારીઓને સૌથી વધુ વેતન આપે છે.

આ પ્રોજેક્ટથી નવી રોજગારી ઉપલબ્ધ થશે

દુનિયાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ ભારતમાં ૪૫૦૦૦ કરોડના ખર્ચે લેહમાં સ્થપાશે

ન્યુ દિલ્હી

પોતાના કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત લદ્દાખ હવે ટૂંક સમયમાં જ એક નવા કારણના લીધે ઓળખાશે. અહીં દુનિયાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ બનાવાની તૈયારી છે. મળતી માહિતી પ્રમાણે દક્ષિણ કારગિલથી લગભગ ૨૦૦ કિલોમીટરના અંતરે આવેલા આ પ્લાન્ટમાંથી વીજળી ઉત્પાદનની સાથે એક વર્ષમાં અંદાજે ૧૨,૭૫૦ ટન કાર્બન ઉત્સર્જનને રોકવા, ડીઝલ પર નિર્ભરતા ખત્મ કરવા અને આસપાસના વિસ્તારોને રોજગારી ઉપલબ્ધ કરાવામાં મદદ મળશે.

નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયના આધીન સંસ્થા SECI (સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા) સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સને પ્રમોટ કરી રહ્યું છે. કહેવાય છે કે લદ્દાખમાં ૫૦૦૦ મેગાવોટના યુનિટ અને કારગિલ માટે ૨૫૦૦ મેગાવોટના યુનિટ ૨૦૨૩ સુધીમાં તૈયાર થઇ જશે. તેના પર અંદાજે ૪૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરાશે. લદ્દાખના પ્રોજેક્ટ યુનિટ રણનીતિક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્ર લેહના ન્યોમામાં હનલે-ખલદોમાં બનાવાશે. અહીં કારગિલ સોલાર પ્લાન્ટ યુનિટના જંસ્કારના સુરૂમાં બનાવાશે તો ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટરથી ૨૫૪ કિલોમીટરના અંતર પર છે. લદ્દાખ યુનિટમાંથી જનરેટ થનાર વીજળીને કેથલ સુધી સપ્લાય કરાશે. તેના માટે ૯૦૦ કિલોમીટર લાંબી લાઇન લેહ-મનાલી રસ્તા પર પથરાશે. કારગિલ પ્રોજકટ શ્રીનગરની પાસે ન્યૂ વાનપોહમાં ગ્રિડની સાથે શરૂ થશે. કારગિલ પ્રોજેક્ટ શ્રીનગરની પાસે ન્યૂ વાન્પોહમાં ગ્રિડની સાથે જોડાશે.

પ્રોજેકટ સાથે જોડાયેલ બીજી એક સકારાત્મક વાત એ છે કે લેહ અને કારગિલ મેનેજમેન્ટ પહાડી પરિષદો માટે 'પારિશ્રમિક' કિંમતો પર ક્રમશઃ ૨૫૦૦૦ અને ૧૨૫૦૦ એકર બિન ખેતીલાયક જમીનને રજીસ્ટર્ડ કરી છે. જે ૩ ટકા વાર્ષિક વૃદ્ધિની સાથે દર વર્ષે લગભગ ૧૨૦૦ રૂપિયા પ્રતિ હેકટરનું ભાડે પણ કમાશે.

નવ જાન્યુઆરીએ હર્ષિતાના અપહરણનો ધમકીભર્યો નનામો ઈમેલ આવ્યો હતો

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પુત્રીના અપહરણની ધમકી મળતાં ચકચાર

ન્યુ દિલ્હી

દિલ્હીના મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલની ૨૩ વર્ષીય પુત્રીનું અપહરણ કરવાનો ઈમેલ મળ્યા બાદ હર્ષિતા કેજરીવાલનાં રક્ષણ માટે એક પર્સનલ સિક્યુરિટી ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. દિલ્હી મુખ્ય પ્રધાન કાર્યાલયને ગઈ ૯ જાન્યુઆરીએ હર્ષિતાનાં અપહરણનો ધમકીભર્યો નનામો ઈમેલ આવ્યો હતો. કાર્યાલયે તે ઈમેલ દિલ્હીના પોલીસ કમિશનરને ફોરવર્ડ કરી દીધો હતો. અજાણ્યા શખ્સ તરફથી નનામો ઈમેલ કેજરીવાલના ઈનબોક્સમાં આવ્યો હતો. એમાં જણાવ્યું છે કે, 'અમે તમારી પુત્રીનું અપહરણ કરવાના છીએ. તમે એનું રક્ષણ કરવા માટે થાય તે કરી લો.

દિલ્હીના સિવિલ લાઈન્સ વિસ્તારમાં આવેલા કેજરીવાલના નિવાસસ્થાને નોર્થ ડિસ્ટ્રીક્ટ પોલીસે એક PSOને તહેનાત કર્યા છે. આ ઈમેલ ક્યાંથી આવ્યો અને કોણે મોકલ્યો તે વિશે દિલ્હી પોલીસની એક ખાસ ટીમ તપાસ કરી રહી છે. આ કેસ સ્પેશિયલ સેલના સાઈબર સેલને સુપરત કરી દેવામાં આવ્યો છે. તપાસ અધિકારીઓ મેલ જ્યાંથી આવ્યો તે મૂળ સ્થાનનું આઈપી એડ્રેસ ચેક કરી રહ્યા છે. કેજરીવાલના નિવાસસ્થાને સલામતીની વ્યવસ્થા વધારે કડક બનાવી દેવામાં આવી છે. પોલીસ તે વિસ્તારમાં ઝીણવટભરી દેખરેખ રાખી રહી છે. કેજરીવાલ અને એમના પત્ની સુનિતાને બે સંતાન છે. પુત્રી હર્ષિતા અને નાનો પુત્ર પુલકિત. હર્ષિતાએ ૨૦૧૪માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી એન્ટ્રન્સ પરીક્ષા પાસ કરી હતી. એ ત્યાં એન્જિનીયરિંગનો કોર્સ કરી રહી છે.

બીજા લગ્ન ગેરકાયદે પણ તેનાથી પેદા થયેલું બાળક કાયદેસરઃ સુપ્રીમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે એક મામલામાં નિર્ણય સંભળાવતા કહ્યું કે ભલે બીજા લગ્ન કરવા હિંદૂ મેરેજ એક્ટ હેઠળ ગેરકાયદે હોય પરંતુ તે સંબંધથી થયેલા બાળકને કાયદેસર માનવામાં આવશે અને તેના પ્રત્યે સહાનુભૂતિ દાખવવાની ના નહીં પાડી શકાય.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બીજા લગ્ન (જે અમાન્ય છે)થી પેદા થયેલું બાળક કાયદેસર છે અને તેને સહાનિભૂતિના આધાર પર નોકરી આપવાની ના ન પડી શકાય. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ડી.વાઈ.ચંદ્રચૂડ અને જસ્ટિસ એમ.આર.શાહની બેંચે કહ્યું કે જો કાયદો બાળકને કાયદેસર માને છે તો બીજા કોઈને એ પરવાનગી નથી કે તે બાળકને નોકરીથી વંચિક રાખવામાં આવે. કેન્દ્ર સરકારે બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. કેન્દ્ર સરકારે મુકેશકુમાર (નામ બદલ્યું છે)ને પ્રતિવાદી બનાવ્યો હતો. મુકેશના પિતા રેલવેમાં નોકરી કરતા હતા. મુકેશ પિતાની બીજી પત્નીથી થયેલી સંતાન છે. પિતાની મોત બાદ મુકેશે સહાનુભૂતિના આધારે નોકરી માગી. રેલવેએ અરજી ફગાવી દીધી પરંતુ સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે મુકેશના પક્ષમાં આદેશ કર્યો. મામલો બોમ્બે હાઈકોર્ટ પહોંચ્યો. હાઈકોર્ટે હિંદૂ મેરેજ એક્ટની કલમ-૧૬ પ્રમાણે કહ્યું કે પહેલા લગ્નમાંથી છૂટાછેડા ન લીધા હોય અને બીજા લગ્ન કર્યા હોય તો તે લગ્ન અમાન્ય છે પરંતુ તે સંબંધથી પેદા થયેલું બાળક કાયદેસર છે. હાઈકોર્ટે કહ્યું કે રેલવે સહાનુભૂતિ નોકરીની અરજી પર વિચાર કરે. ત્યારબાદ આ મામલો સુપ્રીમ કોર્ટ લઈ જવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણયને સાચ્યો ઠેરવ્યો. સુપ્રીમ અદાલતે કહ્યું કે હિંદૂ મેરેજ એક્ટની કલમ-૧૬ (૧) એવા બાળકોને પ્રોટેક્ટ કરવા માટે જ છે. કલમ-૧૧ પ્રમાણે બીજા લગ્ન ગેરકાયદે છે પરંતુ એવા લગ્નથી પેદા થયેલું બાળક કાયદેસર છે. કોઈ પણ શરત સંવિધાનના સમાનતાના અધિકારનું ઉલ્લંઘન ન કરી શકે.

જીનત-ઉલ-ઈસ્લામ આતંકી સંગઠન અલ બદ્ર સાથે જોડાયેલો હતો

જમ્મૂ-કશ્મીરના કુલગામમાં બુરહાન વાનીના સાથી સહિત બે આતંકીઓ ઠાર

કુલગામ

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં આતંકવાદી અને સુરક્ષા દળોની વચ્ચે થયેલા એક્ાઉન્ટરમાં બે આતંકવાદી ઠાર મરાયા. તેમાંથી એક ખૂંખાર આતંકી જીનત-ઉલ-ઈસ્લામ પણ સામેલ છે. જીનત-ઉલ-ઈસ્લામ આતંકી સંગઠન અલ બદ્ર સાથે જોડાયેલો હતો અને તે આઈઈડી એક્સપર્ટ હોવાનું માનવામાં આવે છે. બીજા આતંકીનું નામ શકીલ અહમદ દાર છે. એક્ાઉન્ટર સ્થળે હથિયાર અને વિસ્ફોટક સામગ્રી મળી આવી છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના કાટપુરા વિસ્તારમાં આતંકીવાદીઓ હોવાની માહિતી મળ્યા બાદ સાંજે સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન ચલાવ્યું. તેઓએ જણાવ્યું કે, સુરક્ષા દળોના જવાનો જ્યારે સર્ચ ઓપરશેન ચલાવી રહ્યા હતા ત્યારે આતંકીવાદીઓ તરફથી ફાયરિંગ કરવામાં આવ્યું. સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી અને તેમાં બે આતંકવાદી માર્યા ગયા.

ઉલ્લેખનીય છે કે, શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં એલઓસીની પાસે થયેલા બ્લાસ્ટમાં એક મેજર અને એક જવાન શહીદ થયા હતા. રાજૌરીના નૌશેરા સેક્ટરમાં આઈઆઈડી બ્લાસ્ટ થયો. જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં એલઓસી પાસેના વિસ્તારમાં શુક્રવારે થયેલા એક આઈઆઈડી બ્લાસ્ટમાં સેનાના એક મેજર અને એક સૈનિક શહીદ થયા. અધિકારીઓએ જણાવ્યું કે સંદિગ્ધ આતંકવાદીઓએ રાજૈરી જિલ્લાના નૌશેરા સેક્ટરના લામ ક્ષેત્રમાં એલઓસી પાસેના વિસ્તારમાં પેટ્રોલિંગ કરતા સેનાના જવાનોને નિશાન બનાવવા માટે એક આઈઈડી લગાવ્યો હતો.

અમારી પુરેપુરી તૈયારી, કોંગ્રેસ યુપીમાં તમામ ૮૦ સીટો પરથી ચૂંટણી લડશેઃ ગુલામ નબી આઝાદ

લખનૌ

સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના ગઠબંધનમાં જોડાયા બાદ એકલી પડેલી કોંગ્રેસ હવે ફુંફાડા મારી રહ્યું છે. પોતાની રણનીતિ બનાવવાની શરૂઆત કરી દીધી છે. રવિવારે પાર્ટી પ્રદેશ મુખ્યમથક પર પ્રભારી ગુલામ નબી આઝાદ, પ્રદેશ અધ્યક્ષ રાજ બબ્બર સહિત પ્રદેશનાં ટોપનાં નેતાઓએ બેઠક યોજી. આ દરમિયાન આઝાદે કહ્યું કે, અમે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના નેતૃત્વમાં સંપુર્ણ શક્તિ સાથે અમારી વિચારધારાનું પાલન કરતા ચૂંટણી લોકસભામાંથી જ લડીશું અને ભારતીય જનતા પાર્ટીને પરાજીત કરીશું. અમે ઉત્તરપ્રદેશની તમામ ૮૦ સીટો પર ચૂંટણી લડીશું. અમારી સંપુર્ણ તૈયારી છે. પરિણામો ચોંકાવનારા હશે.

સમગ્ર વિશ્વ જાણે છે કે સંસદની લડાઈ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે. અમે તે દળોનું સમર્થન લઈશું જે અમારી મદદ કરશે. આ લડાઈમાં અમે તે તમામ દળોનું સન્માન કરીએ છીએ જે આ લડાઈમાં આગળ વધ્યા. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સિદ્ધાંતોની લડાઈ છે. આ કોઈ વ્યક્તિગત્ત લડાઈ નથી આ ભારતને એક રાખવા માટેની લડાઈ છે. દેશ મજબુત ત્યારે બનશે જ્યારે સરકાર પર તમામ સમુદાય, તમામ વર્ગોનો વિશ્વાસ અને ભરોસો હોય. પાર્ટી તે હોય છે જે પોતાની પાર્ટીનું નુકસાન સહન કરી લે, પરંતુ રાષ્ટ્રનું નુકસાન ન સહે.

ગુલામ નબી આઝાદે કોંગ્રેસના ઈતિહાસને જણાવતા કહ્યું કે, લોકો કુર્બાનીઓ આપીને ભારતને સ્વતંત્ર કરાવ્યો છે. આઝાદી બાદ પહેલી કોંગ્રેસ સરકારે સૌથી પહેલુ કામ સેંકડો ટુકડાઓમાં વહેંચાયેલા દેશને એકત્ર કરીને ભારત બનાવવાનું કર્યું. પંડિત નેહરૂની સરકારે સંવિધાન બનાવ્યો અને તમામ ધર્મોને સમાન અધિકાર આપ્યો. તેમમે કહ્યું કે, અમે આઝાદી પહેલા પણ, ગરીબો, મહિલાઓ અને દલિતો માટે કામ કર્યું અને આઝાદી પચી પણ માળખાગત્ત સુવિધાઓ સાથે સામાજિક અધિકાર આપ્યો.

ખાણમાં ૮૭ મજૂરો કામ કરતા હતા, ૬૬ લોકોને સલામત બહાર કઢાયા

ચીનમાં ખાણની છત ધ્વસ્ત થઈ જતાં ૨૧ મજૂરોના મોત

બેઈજિંગ

ઉત્તરી ચીનમાં ખાણની છત ધ્વસ્ત થઈ જતા ૨૧ લોકો મોતને ભેટ્યા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. શાન્ઝી પ્રોવિન્સ ખાતે આવેલી ખાણમાં શનિવારે આ દુર્ઘટના ઘટી હતી. પ્રાપ્ત વિગતો મુજબ આ ખાણમાં કુલ ૮૭ મજૂરો કામ કરી રહ્યા હતા. શિન્હુઆ એજન્સીના મતે ૬૬ લોકોને સલામત રીતે એરલિફ્ટ કરી લેવાયા છે. બેઈજી માઈનિંગ દ્વારા સંચાલિત આ ખાણની સાઈટ પર દુર્ઘટના કઈ રીતે ઘટી તેની તપાસ ચાલી રહી છે. ચીનમાં ખાણની અંદર ગંભીર દુર્ઘટના સામાન્ય ગણવામાં આવલે છે. કુદરતી સંપદાનો ખજાનો ધરાવતા આ વિસ્તારમાં ઉદ્યોગો દ્વારા કામદારોની સુરક્ષા પ્રત્યે ઘોર બેદરકારી દાખવવામાં આવે છે. ભૂતકાળમાં પણ આવા અનેક બનાવો બન્યા હતા જેમાં હજારો લોકોના મોત થયા હતા. ગેરકાયદે ખનન પણ ચીન માટે માથાનો દુઃખાવો બની ગયું છે. ગત વર્ષે ડિસેમ્બમાં સાત ખાણિયાઓ દક્ષિણ પશ્ચિમ ચીનમાં કોલ માઈનમાં મોતને ભેટ્યા હતા જ્યારે ત્રણ ઈજાગ્રસ્ત થયા હતા. ઓક્ટોબરમાં પૂર્વ શાન્ડોંગ પ્રાંતમાં ખાણમાં પથ્થરો તોડવા માટે પ્રેશર વધારાતા ટનલ બુરાઈ જવાથી મજૂરો ફસાઈ ગયા હતા અને ૨૧ ખાણિયાઓના મોત થયા હતા. ફક્ત એકનો જ જીવ બચાવી શકાયો હતો. ચીનના કોલ માઈન સેફ્ટિ એડમિનિસ્ટ્રેશનના આંકડા મુજબ ૨૦૧૭માં કુલ ૩૭૫ મજૂરોના કોલસાની ખાણમાં કામ કરતા મોત થયા હતા, જે આગલા વર્ષની તુલનાએ ૨૮.૭ ટકાનો ઘટાડો દર્શાવે છે.

આ એરપોર્ટનો ખર્ચ ૧૦૫૫ કરોડ થશે

અ.પ્રદેશની રાજધાની ઈટાનગરમાં બનશે એરપોર્ટઃ વડાપ્રધાને આપી મંજૂરી

ઈટાનગર

અરુણાચલની રાજધાની ઈટાનગર માટે એરપોર્ટનું દશકો જૂનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યું છે. હવે અહીંયા સ્થિતિ બદલાવા જઈ રહી છે. અરુણાચલ પ્રદેશની રાજધાની ઈટાનગરમાં એરપોર્ટ બનાવવા માટે વડાપ્રધાન મોદીએ મંજૂરી આપી દીધી છે. આ એરપોર્ટનો ખર્ચ ૧૦૫૫ કરોડ રુપિયા થશે અને આ પ્રોજેક્ટને પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ બોર્ડે પણ મંજૂરી આપી દીધી છે. ગ્રીન ફીલ્ડ એરપોર્ટ પર પ્રસ્તાવિત ૨૨૦૦ મીટરનો મોટો રનવે હશે કે જે જેટ વિમાનોને સંભાળી શકશે. આનાથી મેટ્રો શહેરો માટે સીધી ફ્લાઈટની સુવિધા પ્રાપ્ત થશે. બાદમાં આંતરરાષ્ટ્રીય સ્થળો માટે ફ્લાઈટની સુવિધા પણ આપવામાં આવશે. ચીનની સીમા સાથે જોડાયેલા હોવાના કારણે આ એરપોર્ટનું સામરિક મહત્વ પણ ખૂબ હશે. ચીન અરુણાચલ પ્રદેશ પર ક્યારેક પોતાનો હક્ક પણ દર્શાવતું રહેતું હોય છે. ત્યારે આવામાં અરુણાચલમાં એરપોર્ટ નિર્માણથી ચીનની મુશ્કેલીઓ નિશ્ચિત રુપે વધશે. પેમા ખાંડૂએ ટ્વિટ કર્યું કે ટીમ અરુણાચલ માટે ખુશખબરી છે કે રાજધાનીમાં પોતાના એરપોર્ટનું દશકો જૂનું સ્વપ્ન પૂર્ણ થવા જઈ રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ અસમથી અરુણાચલ પ્રદેશને જોડનારા બોગીબીલ પુલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ એશિયાનો બીજો સૌથી મોટો રોડ અને રેલ પુલ છે જે ઉત્તરી અસમના ડિબ્રૂગઢ અને ધેમાજી વચ્ચે બ્રહ્મપુત્રા નદી પર બનાવવામાં આવ્યો છે. આ પહેલા પેમા ખાંડૂએ જણાવ્યું હતું કે રાજ્યની રાજધાનીમાં બનનારા હોલોન્ગી ગ્રીનફીલ્ડ એરપોર્ટની આધારશિલા જાન્યુઆરી મહીનામાં ખુદ વડાપ્રધાન મોદી રાખશે. માનવામાં આવી રહ્યું છે કે આ એરપોર્ટ પર સિક્કિમના પોકયાંગ એરપોર્ટથી વધારે સારી સુવિધાઓ આપવામાં આવશે.

દેશના ૧૪૩ સ્મારકો જોવા થયા મોંઘા, ટિકિટના ભાવ વધવાની તૈયારીમાં

ન્યુ દિલ્હી

દેશની ઐતિહાસિક ધરોહર નિહાળવી હવે મોંઘી થવાની છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે દેશના ૧૪૩ સ્મારકોના પ્રવેશ ટીકિટના ભાવ વધારવાની તૈયારી કરી લીધી છે. આગામી માર્ચ મહિનાથી ટીકિટના નવા દર લાગૂ થવાની શક્યતા છે. આ પહેલા પાંચ મહિના અગાઉ વૈશ્વિક ધરોહર તાજમહેલ, આગ્રાનો કિલો, ફતેહપુર સિક્રી, હુમાયૂંનો મકબરો અને કુતુબ મિનાર તથા ૯ બીજી શ્રેણીના સ્મારકોની એન્ટ્રી ટીકિટમાં વધારો કર્યો હતો, પરંતુ બીજી શ્રેણીના સ્મારકોની યાદીમાં ૧૨૩ સ્મારકો સામેલ કરી દેવામાં આવ્યા છે. આ ડ્રાફ્ટ પર ૪૫ દિવસમાં વાંધા-સુચનો મંગાવ્યા છે, જે બાદ માર્ચથી દરેક ૧૪૩ સ્મારકોમાં ટિકીટ લાગશે. તેમાં ૨૭ સ્મારકો તેવા છે જ્યાં પહેલી વાર એન્ટ્રી ફી લગાવવામાં આવશે.

આરએસએસ દ્વારા ધોળકામાં જરૂરીયાતમંદ પરિવારોને પતંગ, મમરાના લાડુ અને તલસાંકળીનુ વિતરણ કરવામાં આવ્યું





મહિલા સમન્વય અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ) દ્વારા ધોળકાના વાલ્મિકીવાસમાં જરૂરીયાતમંદ પરિવારોને ઉતરાયણ પુર્વે પતંગ, મમરાના લાડુ અને તલસાંકળીનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો અને સ્વામી વિવેકાનદ જયંતીએ તેમના વિચારને સાચા અર્થમાં ચરિતાર્થ કર્યા હતા.

આહવાની સરકારી વિનિયન અને વાણિજય કૉલેજના વિદ્યાર્થી સંઘની ચૂંટણી સંપન્ન



આહવા: ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આવેલી સરકારી વિનિયન અને વાણિજય કૉલેજના વિદ્યાર્થી સંઘની ચૂંટણી તાજેતરમાં સંપન્ન થઇ.

કૉલેજના ૯ ડીવીઝનો પૈકી ૭ ડીવીઝનોમાં વર્ગ પ્રતિનિધિઓની બિનહરીફ વરણી સાથે, બે ડીવીઝનમાં શાંતપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલી ચૂંટણી બાદ, કૉલેજ પ્રિન્સિપાલ ડૉ.હેતલ રાઉતની અધ્યક્ષતામાં કૉલેજના જનરલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે બિપિન પવાર, અને એલ.આર. તરીકે લલિતા ગાયકવાડની વરણી કરવામાં આવી હતી. આ વેળા કૉલેજના વાઇસ પ્રિન્સિપાલશ્રી ડૉ.એન.એમ.મહાકાળ સહિત ચૂંટણી સમિતિના સભ્યો પ્રા.ડી.એમ.ગાવિત, તથા પ્રા.જી.સી.નરભવર પણ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થી સંઘની વરણી બાદ ચૂંટાયેલા પ્રતિનિધિઓને જરૂરી શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ શાંતિપૂર્ણ માહોલમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સંપન્ન કરવા બદલ વિદ્યાર્થીઓ તથા તેમના નેતાઓને શુભકામના પાઠવી, તેમની નવી જવાબદારી સૂપેરે પાર પાડવા બાબતે પણ શુભેચ્છા પાઠવી હતી.

ડાંગ જિલ્લામાં તા.૨૩મી જાન્યુઆરીએ તાલુકા કક્ષાના ફરિયાદ નિવારણ કાર્યક્રમો યોજાશે

પ્રજાજનો તા.૧૯ સુધીમાં તેમની અરજી રજુ કરી શકશે

આહવા: મુખ્યમંત્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમની શ્રૃંખલાનો વધુ એક કાર્યક્રમ આગામી તા.૨૩/૧/૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લાના તાલુકા મથકો ખાતે આયોજિત કરવામાં આવ્યો છે.

ડાંગ કલેક્ટર બી.કે.કુમાર તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવાયા અનુસાર, આગામી તા.૨૩/૧/૨૦૧૯નાં રોજ સવારે ૧૧ વાગ્યાથી શરૂ થનારા તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમો આહવા ખાતે ઉત્તર ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજાશે. જ્યારે વઘઇ તાલુકા સેવા સદન ખાતેનો કાર્યક્રમ પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને, અને સુબિર તાલુકા સેવા સદન ખાતે આયોજિત કાર્યક્રમ ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.ડી.પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત કરાયો છે. સંબંધિત તાલુકાના અરજદારોએ જે તે કચેરીને લગતા પ્રશ્નો, ફરિયાદો સીધા સંબંધિત કચેરીને મોકલી, તેની એક નકલ જે તે તાલુકા મામલતદારને તા.૧૯/૧/૨૦૧૯ સુધી મોકલી આપવા જણાવાયું છે. આ કાર્યક્રમમાં ન્યાયની કૉર્ટમાં ચાલતા વિવાદ, મહેસૂલી કૉર્ટને લગતા પ્રશ્નો, તથા સબ જ્યુડિશિયલ પ્રશ્નો સહિત નોકરીને લગતા પ્રશ્નોનો સમાવેશ કરાતો ન હોઇ, આવા પ્રશ્નો રજુ ન કરવા, તથા કાર્યક્રમના દિવસે અરજદારોને સ્વયં સમયસર ઉપસ્થિત રહેવા પણ જણાવાયું છે

નવા વર્ષ નિમિત્તે બોટાદ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રોનિક મિડીયા નો સ્નેહ મિલન નો કાર્યક્રમ ગઢડા(સ્વા)ખાતે યોજાયો



દરેક નાગરીક ને શાંતિ,સુરક્ષા અને સલામતિ મળે એ અમારી પ્રાથમિકતા-હર્ષદ મહેતા એસ.પી.બોટાદ

બોટાદ જીલ્લાના નવનિયુક્ત એસપી હર્ષદ મહેતા દ્વારા બોટાદ જીલ્લાના પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રોનિક મિડીયાના પત્રકારો નો સ્નેહ મિલનનો કાર્યક્રમ બોટાદના ગઢડા(સ્વા) નગરપાલિકાના કમલમ હોલ ખાતે યોજાયો હતો આ કાર્યક્રમમાં બોટાદ જીલ્લા એસપી હર્ષદ મહેતા એ જણાવ્યુ હતુ કે દરેક નાગરીકોને સુરક્ષા,શાંતિ અને સલામતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ બોટાદ ને જોડતા રોડ રસ્તા તેમજ રાણપુર,ગઢડા,બરવાળા,ઢસા,પાળીયાદ જેવા ગામોના એન્ટર પોઇન્ટ પર સી.સી.ટી.વી.કેમેરા લગાવવાનો પ્રોજેક્ટ અમલમાં મુકવો તથા ઘરફોડ ચોરીઓ તેમજ અન્ય ગુનાહીત પ્રવૃતીઓ અટકાવવા માટે બહારના પ્રાંતમાંથી આવતા તમામ લોકોની જરૂરી પુછપરછ કરી વાકેફ રહેવા અને ગુન્હાખોરી અટકાવવા માટે જાહેરનામાનો અમલ કરાવવા ઉપર ભાર મુકેલ અને મિલ્કત સબંધી ગુન્હાઓ બન્યા પછી હરકતમાં આવ્યા કરતા ગુન્હાઓ બનતા અટકાવી શકાય તે માટે જણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ રોડ એક્સીડેન્ટ ઘટે અને માનવ જીંદગીનુ રક્ષણ થાય તે માટે રોડ સેફ્ટીને લગતા ઉપાયો અંગે પણ જરૂરી ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ તથા લાલચ પ્રલોભન આપી કિંમતી વસ્તુઓ કે રોકડ રકમ પડાવી લેવાના કીસ્સાઓ ન બને તે માટે તકેદારીના પગલા લેવા જણાવવામાં આવ્યુ હતુ આવા તમામ ગુનાહીત પ્રવૃતિને રોકવામાં મદદ મળે તે હેતુ થી એક અનેરા વિચારને અમલમાં મુકવામાં આવશે આ ઉપરાંત બોટાદ જીલ્લા માં શાંતિ અને સલામતિ વિશે અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં બોટાદ જિલ્લાના પ્રિન્ટ મિડીયા-ઈલેક્ટ્રીક મિડીયાના પત્રકારો,બોટાદ જિલ્લાએસપી હર્ષદ મહેતા, ડી.વાય.એસ.પી. રાજદીપસિંહ નકુમ,નાયબ પોલીસ અધિક્ષક જી.પી.ચૌહાણ-ઝેડ. આર. દેસાઈ,એલ.સી.બી-પી.આઈ. એચ આર ગોસ્વામી, એસ.ઓ.જી-પી.આઈ.એમ એમ દિવાન,એ લ.આઈ.બી-પી.આઈ.જે વી રાણા, ગઢડા પી.આઈ.જે એમ સોલંકી,બોટાદ જિલ્લાના તમામ પી.એસ.આઈ સહીત પોલીસ સ્ટાફ અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા

અંકલેશ્વર ખાતે સાઇકલોવોકાથોનનું આયોજન એ જ અહીંના લોકોને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબધ્ધતા બતાવે છે : સહકાર રાજય મંત્રી ઇશ્વરસિંહ પટેલ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે ચોથા સાઇકલોવોકાથોનનું આયોજનઃ પર્યાવરણ જાળવણીનો મુખ્ય ઉદ્દેશ્ય





ભરૂચ: અંકલેશ્વર બાઇસીકલ કલબ ધ્વારા ભરૂચ જિલ્લામાં ડી.એ.આનંદપુરા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, જીઆઇડીસી – અંકલેશ્વર ખાતે ૪ થું સાઇકલોવોકાથોન કાર્યક્રમ યોજવામાં આવતાં સહકાર રાજયમંત્રી ઇશ્વરસિંહ પટેલે ફલેગ માર્ચ બતાવીને સાઇકલીગ અને વોકીગને પ્રસ્થાન કરાવ્યું હતું. આ કાર્યક્રમ પ્રસંગે જિલ્લા કલેકટર રવિકુમાર અરોરા, જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહયા હતા.

અંકલેશ્વર ખાતે અંકલેશ્વર બાઇસીકલ કલબ ધ્વારા ચોથી વખત સાઇકલોવોકાથોનનું આયોજનનો મુખ્ય ઉદ્દશ લોકોમાં સાઇકલનો ઉપયોગ વધે,સેવ એનર્જી અને ગ્લોબીગ વોમ'ગની અસરો વચ્ચે પર્યાવરણની જાળવણી અંગે સંદેશો ફેલાવવાનો છે.

આ પ્રસંગે સહકાર રાજય મંત્રી ઇશ્વરસિંહ પટેલે જણાવ્યું હતુ; કે સાઇકલોવોકાથોનનું આયોજન એ જ અહીંના લોકોની પર્યાવરણ પ્રત્યેની પ્રતિબધ્ધતા બતાવે છે તેમણે આ વિસ્તારના વ્યકિતઓ સાધન સંપન્ન અને ઘરે ગાડીઓ હોવા છતાંય સાઇકલનો ઉપયોગ કરી પર્યાવરણ જાળવણીની કાળજી લે છે તે જાણી ખુશી વ્યકત કરતાં ઉપસ્થિત સૌ આયોજકોને બિરદાવી તમામને શુભેચ્છાઓ પાઠવી હતી. અન્ય મહાનુભાવો ધ્વારા પણ પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ સ્ટેચ્યુ ઓફ યુનિટીમા; એ.બી.સીના જે ચાર સભ્યો કિરણભાઇ મોદી, મોહમ્મદ જાદલીવાલા, હિરેન પ્રજાપતિ, અને ધ્રુવ પટેલ કે જેઓએ ૧૮૨ કી.મી. યુનીટી રાઇડમાં ભાગ લઇ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી તેઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ખાતે ચોથી વખત સાઇકલોવોકાથોનનું આયોજન કરવામા; આવતાં આ પ્રસંગે યોજાયેલી સાઇકલીગમાં સહકાર રાજય મંત્રી ઇશ્વરસિંહ પટેલ, જિલ્લા કલેકટર રવિકુમાર અરોરા, જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચુડાસમા, જીઆઇડીસીના આગેવાન ઉધોગપતિઓ, સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ સહિત વડીલો યુવાનો, શાળાના બાળકો મળી ૧૨૦૦ થી વધુ લોકો જોડાયા હતા

સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે ધરમપુરમાં યુવારેલી અને યુવા સંમેલન યોજાયું

સ્વામી દર્પહાનંદજી, ડો. રઈશ મનીયાર અને ડો. વિપુલ વ્યાસના ઉદ્બબોધનો થકી યુવાનો વિવેકાનંદમય બન્યા

વલસાડ





વિશ્વઆચાર્ય સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતીના ઉપલક્ષ્યમાં શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટના ઉપક્રમે આયોજીત યુવારેલી અને યુવા સંમેલનમાં વિવિધ શાળા મહાશાળાઓના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીમિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરીયલ વડોદરાના સ્વામી દર્પહાનંદજી, સુરતના જાણીતા સાહત્યિકાર ડો. રઈશ મનીયાર અને મુંબઈના મોટીવેટર ડો. વિપુલ વ્યાસનાં ઉદબોધનોએ ઉપસ્થિત યુવાનોને વિવેકાનંદમય બનાવી દીધા હતા.

સમડીચોક સ્થિત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા ખાતે પુષ્પાંજલિવિધિ કરી વિદ્યાર્થીઓ પ્રતિમા પ્રભુ ફળિયા, મોટાબજાર, ગાંધીબાગ, દસોંદી ફળિયા, ડો. હેડગેવાર ચોક, ગાર્ડનરોડ, એસ.ટી. ડેપો થઈ લક્ષ્મીનારાયણ મંદિર સુધી યુવારેલી રૂપે ફર્યા હતા. નાના નાના ભૂલકાંઓએ યુવારેલી દરમિયાન સ્વામી વિવેકાનંદજી કી જય અને ભારતમાતા કી જય નો જયઘોષ કરી સમગ્ર ધરમપુરને વિવેકાનંદમય કરી મુક્યું હતું. બાદ આ યુવારેલી અત્રેના લક્ષ્મીનારાયણ મંદિરના પરિસરમાં યુવા સંમેલનમાં ફેરવાઈ હતી. સાહિત્યકાર ડો. રઈશ મનીયારે ઉપસ્થિત યુવાનોને જણાવ્યું કે, આત્મવિશ્વાસથી જ કોઈ પણ નવું કામ શીખી શકાય છે, જે દિવસે નવું શીખવાનું બંધ કરી દે છે, એવા યુવાનોનું જીવન પણ પશુ જેવું બની જાય છે. દરેક વ્યક્તિ અજોડ અને અદ્વિતીય છે ત્યારે યુવાનોએ પોતાની સરખામણી કોઈની સાથે ન કરવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે, જ્યારે યુવાનો કે કોઈ પણ વ્યક્તિ પોતાની સરખામણી બીજા જોડે કરવાનું છોડી દે તો સિત્તેર ટકાથી વધુ સમસ્યાઓ આપોઆપ ઉકેલાય જાય છે. હરીફાઈ હંમેશા પોતાની જાત સાથે જ કરો, ઈશ્વરે જે શક્તિ આપી છે અને વર્તમાન સમયમાં આપણે એ અંદરની શક્તિ બહાર નથી લાવ્યા એ જ શક્તિ ને બહાર લાવો. આળસ ખંખેરો અને સફળતા પ્રાપ્ત કરો.

મુંબઈના મોટીવેટર ડો. વિપુલ વ્યાસે વિવેકાનંદજીનાં સમગ્ર જીવન અને કવનની વાતો કરી વિવેકાનંદજીએ ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં જઈ ભારતનું ગૌરવગાન કર્યું હતું એ ભારતના અધ્યાત્મિક અને સાંકૃતિક વારસાને જાળવી રાખવા હાકલ કરી હતી

મુખ્યવક્તા શ્રી રામકૃષ્ણ મિશન વિવેકાનંદ મેમોરીયલ વડોદરાના સ્વામી દર્પહાનંદજીએ જણાવ્યું હતું કે, શક્તિ, આત્મશ્રધ્ધા અને નિર્ભયતા એટલે સ્વામી વિવેકાનંદ. એમના લખાણો પત્રો, ભાષણો અને ખાસ કરીને એમનું જીવનચરિત્ર વાંચવાથી યુવાનોમાં શક્તિનો સંચાર થાય જાય છે. યુવાનો પ્રાણવાન અને શ્રદ્ધાવાન બની જાય છે, યુવાનોમાં રહેલો આત્મવિશ્વાસ હજાર ગણો વધી જાય છે. એમના ફોટાને ૧૦ મિનીટ માત્રા જોવાથી પણ યુવાનોમાં પ્રેરણાનું ઝરણું ફૂટી નીકળે છે. ઉપસ્થિત વિદ્યાર્થીઓને જયારે સ્વદેશ મંત્ર બોલાવડાવ્યો ત્યારે સમગ્ર લક્ષ્મીનારાયણ પરિસર વિવેકાનંદમય બની ગયું હતું.

ટ્રસ્ટના ડો. દોલતભાઈ દેસાઈએ સૌને આવકાર્યા હતા.

આ અવસરે ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસ, ડો. ધીરુભાઈ પટેલ, કલ્પેશ કાપડિયા, પાલિકા પ્રમુખ જયદીપ સોલંકી, રમેશભાઈ અટારા સહતિના મહાનુભાવો હાજર રહયા હતા.

વાગરામાં ખાનગી માલિકીની જમીન ઉપર ONGCએ ગેરકાયદે પ્રવેશ કરી સોલર પાવર પ્લાન્ટનું બાંધકામ કરાતા જમીન માલીક ખેડૂત દ્વારા દબાણ દૂર કરવા આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારતા તંત્રમાં દોડધામ

વાગરા નજીક ઓએનજીસી દ્વારા સોલાર પ્લાન્ટ નાંખવામા આવી રહ્યો છે.ગરીબ ખેડૂત પોતાની આજીવિકા વાળી જમીન મેળવવા હાલ તો અનેક કચેરીઓમાં ધક્કા ખાઈ રહ્યો છે.ખોટી રીતે ખાનગી જમીન પર દબાણ કરાતા ખેડૂતે આત્મ વિલોપનની ચીમકી ઉચ્ચારતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

વાગરા નગરના લાહોરી ગોડાઉન સ્થિત નવી નગરી વિસ્તારમાં વસવાટ કરતા માનસંગ લક્ષ્મણ પરમાર છૂટક મજૂરી કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે.તેવો સામાજિક રીતે પછાત જ્ઞાતિમાં સમાવેશ થાય છે.જેને પગલે ૨૦૧૩ ની સાલમાં રાજય સરકારે ખેત જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ જીવન નિર્વાહ ચલાવવા માટે ૪૬ ગુંઠા જેટલી જમીન ફાળવી હતી.સરકારી આરામગૃહ નજીક આવેલ માનસંગની માલિકીની જમીનમાં તેમની પરવાનગી વિના તેઓની જાણ બહાર ઓ.એન.જી.સી.એ સોલાર પાવર પ્લાન્ટનું બાંધકામ કરી દેવામાં આવ્યુ છે.સાથે જ





તેઓની જમીનમાં બિન અધિકૃત રીતે રસ્તા તેમજ ગટરનું નિર્માણ કરાયુ હતુ.સદર જગ્યામાં અન અધિકૃત રીતે કરાયેલ દબાણને હટાવવા માટે તેમણે વાગરા મામલતદાર ,વાગરા પોલીસ સ્ટેશન તેમજ ભરૂચ કલેકટર અને ડિસ્ટ્રીકટ કોર્ટના જજ સમક્ષ ઘા નાખી પોતાની જમીનમાં દ્વેષ્ઝ દ્વારા કરાયેલ ગેયકાયદે બાંધકામ ને દૂર કરવા ફરિયાદ કરી હતી. વધુમાં તેમણે તાકીદે દબાણ દૂર નહિ થાય તો આત્મ વિલોપન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.અને તેની સર્વે જવાબદારી સરકારની રહેશે તેવી લેખિત ફરિયાદ ઉચ્ચ કક્ષાએ કરવામાં આવતા વાગરા સહિત સમગ્ર ભરૂચ જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી હતી.તો બીજી તરફ વહીવટી તંત્ર માં ભારે દોડધામ મચી જવા પામી હતી.

મળતી માહિતી મુજબ વાગરા મામલતદારે આ અંગે અંકલેશ્વર સ્થિત ઓ.એન.જી.સી.ના એલ.ઓ.કચ્યુ. વિભાગના જનરલ મેનેજરને તેઓ દ્વારા કરાયેલ દબાણને દૂર કરવા લેખિત સૂચના પણ આપવામાં આવી છે.

ભરૂચ શહેર અને જિલ્લામાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં પણ દોરીનું ધૂમ વેચાણ



ભરૂચમાં બે રોક ટોક ચાઈનીઝ દોરીની ધૂમ વેચાણ ચાલી રહ્યું છે.



એક દિવસ બાદ ઉતરાણનો તહેવાર આવતો હોવાથી શહેર અને જિલ્લામાં પતંગ સ્ટોલ અને બજારમાં ઘણીજ ભીડ જોવા મળી રહી છે.વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ ગુબ્બારા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.પરંતુ વહીવટી તંત્રના આદેશનું અહીયાના વેપારીઓ જાણે કોઈ પડીજ ના હોય તેમ બે રોક ટોક જાહેરમાં અથવા તો ખાનગીમાં ચાઈનીઝ દોરીનું વેચાણ કરાઈ રહ્યું છે.વહીવટી તંત્ર દ્વારા પણ ચેકિંગની વિશેષ ટિમો બનાવી હોવા છતાં પણ કોઈ ચેકીંગ હાથ ધરવામાં નહિ અવતાં વેપારીઓને ખુલ્લો દોર મળી ગયો એમ લાગી રહ્યું છે. બજારમાં વેચાતી ચાઈનીઝ દોરીથી કોઈ નિર્દોષનો જીવ જાય તો એની જવાબદારી કોની રહશે..?

અત્રે ઉલ્લેખનીય છે કે, ભવિષ્યમાં અગાઉ પણ ચાઈનીઝ દોરીના કારણે કેટલાય પક્ષીઓ તથા માણસોએ પોતાના જીવ ગુમાવ્યા છે.ત્યારે વહીવટી તંત્ર વહેલી તકે આવા લોભિયા વેપારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ઉતરાયણમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના ફોટા વાળી પતંગો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર

સરકાર દ્વારા ચાઈનીઝ દોરા અને ગુબ્બારાના વેચાણ ઉપર દર વર્ષે પ્રતિબંધ લગાડવામાં આવે છે છતાં કાયદાનો ભંગ થાય છે તો જાહેરનામાનો અમલ કેમ કરાવતો નથી

રાજપીપળા : ૧૪ જાન્યુઆરીએ ઉતરાયણ નિમિત્તે પતંગ રસિયાઓ માટે ખાસ મજાનો દિવસ હોય છે ત્યારે હાલ મંદીના માહોલ અને અમુક લોકોના પગારો પણ અટવાયા છે છતાં ઉત્તરાયણ માટે એક મહિના પેહલાથી થનગની રહેલા લોકો એ રાજપીપળાના બજારોમાં પતંગ દોરા ખીદવા ભીડ જમાવી છે. લોકો પતંગ દોરા સહિત તલની ચીકી, શેરડી, ઊંધીયું-જલેબીની પણ ભરપુર ખરીદી કરી રહ્યા છે.

ચાલુ વર્ષે નર્મદા જિલ્લામાં નિર્માણ પામેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીના ફોટા વાળી પતંગોએ ખાસ આકર્ષણ જમાવ્યું છે અને નાના બાળકોમાં છોટા ભીમ,બેનટેન,જેવા કાર્ટૂન વાળી પતંગો તો હંમેશા આકર્ષણનુ કેન્દ્ર બને જ છે.પરંતુ પતંગ બનાવતા વેપારીઓએ પણ આ વર્ષે લોકપ્રિય બનેલા સ્ટેચ્યુ ના ફોટા મૂકી લોકોમાં આકર્ષણ વધાર્યું છે જેથી બાળકોની સાથે મોટેરા પણ સ્ટેચ્યુના ફોટા વાળી પતંગો ઉડાડશે

અત્રે એ ઉલ્લેખનિય છે કે સરકાર દ્વારા ચાઈનીઝ દોરા અને ગુબ્બારાના વેચાણ ઉપર દર વર્ષે પ્રતિબંધ લગાડવામાં આવે છે પરંતુ કાયદાની એસીતેસિ કરી લોકો દ્વારા તેનો દર ઉતરાયણે ભરપુર ઉપિયોગ થાય છે ત્યારે આ ચાઈનીઝ વસ્તુઓ કોણ વેચે છે અને કાયદાનો ભંગ ક્યાં થાય છે એ તપાસ કોઈ કરવા ફરકતું નથી તો પછી કાયદો શું કામ લાગુ કરાતો હશે ...? દર વર્ષની જેમ આ વર્ષે પણ આકાશમાં આગ થી ઉડતા ગુબ્બારા જોવા મળેશે જેથી આગ લાગવા સહિતની હોનારતો સર્જવાની ભરપુર શક્યતાઓ છે ત્યારે તંત્ર મૂંગા મોઢે તમાશો જોશે માટે

આ વર્ષે એ જોવાનું રહ્યુ કે જાહેરનામાનો કેટલો અમલ કરાવવામાં આવે છે.

એમિટી સ્કૂલ ખાતે સ્ટુડન્ટ કાઉન્સિલનો શપથવિધિ સમારંભ યોજયો



વિદ્યાર્થીઓમાં નેતૃત્વ જવાબદારી અને આત્મવિશ્વાસ ના ગુણોનો વિકાસ થાય તે હેતુથી એમિટી શાળાના વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અનુભવોનું ભાથું પીરસાય છે. જેના ભાગ દરવર્ષે વર્ષે શાળાના ચાર હાઉસ લોટસ, પીકોક, સિતાર અને હોકીના કેપ્ટન અને વાઈસ કેપ્ટનની નિયુક્તિ કરાય છે. આ પસંદગી લેખિત અરજી તથા શાળા અને શાળા બહાર થતી પ્રવૃત્તિઓમાં તેમનું પ્રદાન ,જીકે ટેસ્ટ તથા રૂબરૂ મુલાકાત દ્વારા કરવામાં આવે છે. આ રીતે ચૂંટાયેલા કેપ્ટન અને વાઈસ કેપ્ટન અને તેમની જવાબદારીનો કાર્યભાર સોંપતા પહેલા તેમના શપથ લેવડાવામાં આવે છે.

૧૨-૧-૨૦૧૯ના રોજ વર્ષ ૨૦૧૯ માટે પસંદ થયેલ આવા તમામ ચીફ કેપ્ટન વાઈસ કેપ્ટન સ્પોર્ટ કેપ્ટનની શપથવિધિ સમારોહ કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝના એચ.આર. વિભાગના જનરલ મેનેજર ડો.મહેશ વશીના મુખ્ય મહેમાન પદે યોજાઈ હતી. શાળાના ગુજરાતી માધ્યમ હેડ ગર્લ તરીકે અવની આર.બરાડ, હેડ બોય તરીકે હેત.એચ.પટેલ, અંગ્રેજી મધ્યમાંથી હેડ ગર્લ તરીકે કોમલ. પી.બુચ તથા હેડ બોય તરીકે વેદ. આર.પંડ્યા અને છઠ્ઠજી વિભાગ માં હેડ ગર્લ તરીકે સ્તુતિ.એસ શર્મા પસંદ કરાઈ છે.

કરૂણા અભિયાન અંતર્ગત નેત્રંગ ટાઉનની શ્રી સાંદિપની અને એમ.એમ.ભક્ત હાઈસ્કૂલના ૧ બાળકોએ માર્ગદર્શનનો લાભ લીધો

પોતાની સલામતી સાથે પક્ષીઓની સુરક્ષાનું ધ્યાન અમે રાખશું એવી મનથી પ્રતિજ્ઞા લીધી હતી. આપણામાં જીવ છે તેમ પક્ષીઓનો પણ જીવ અને પરીવાર છે એટલે પતંગોત્સવ તહેવાર ઉજવતા પક્ષીઓની સુરક્ષા રાખી જીવદયાનું ઉત્તમ કાર્ય કરીયે



ભરૂચઃ નેત્રંગ તાલુકામાં સરકારના કરુણા અભિયાન અંતર્ગત રેંજ ફોરેસ્ટ કચેરી નેત્રંગ અને વાઈલ્ડ લાઈફ વોર્ડન (વન્યપ્રેમી)આગેવાન દ્વારા સંયુક્ત રીતે ઉત્તરાયણના પર્વને પરંપરાગત રીતે ઉજવવા આપણા સ્વાસ્થ્ય અને પક્ષીઓની સુરક્ષા અને સલામતી કેમ જાળવવી તેવા આશયથી શ્રીસાંદીપની અને એમ.એમ.ભક્ત હાઈસ્કૂલના બાળકોમાં જીવદયા પ્રત્યે જાગૃતિ આવે તેના માટે માર્ગદર્શન સેમિનાર કરવામાં આવ્યો હતો.

આ જાગૃતિ અભિયાનમાં નેત્રંગ તાલુકા વાઈલ્ડ લાઈફ વોર્ડન (વન્યપ્રેમી) અતુલભાઈ પટેલે ૧૮૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને સરકારના કરુણા અભિયાન અંતર્ગત જાગૃતિ માર્ગદર્શન આપતા અગાસી પર પતંગ ચગાવવા જાવ ત્યારે આપણી સલામતી સાથે પક્ષીઓની પણ સલામતી જાળવવી જોઈએ.ઘાયલ પક્ષીની આંખોને કપડા અથવા જુના મોજાથી ઢાંકી દેવી જોઈએ.લોહી નીકળતું હોય ત્યાં રૂ મૂકી લોહી બંધ કરવું જોઈએ.ઘાયલ પક્ષીની જાણ થાય તો વન વિભાગ,પશુ તબીબ અને વન્યપ્રેમીઓનો સંપર્ક કરવો.ઈજા પામેલ પક્ષી પર પાણી રેડવું નહિ.દોરા વીંટળાયેલ હોય તો ખેંચતાણ નહીં કરવી.ઈલેક્ટ્રીક તારમાં ફસાયેલ પક્ષીને લઈ તેને બચાવવા આપણો જીવ જોખમમાં મુકવો નહીં વગેરે સમજણ આપી હતી.

કાર્યક્રમને અંતે વન વિભાગ નેત્રંગના ઈ.આર.એફ.ઓ. સરફરાઝ ઘાચીએ બંને શાળાના વિદ્યાર્થીઓ,શિક્ષકો અને હાજર સૌવને કરુણા અભિયાન ૨૦૧૯ અંતર્ગત પ્રતિજ્ઞા લેવડાવી હતી જેમાં સવારે ૯ થી ૬ સુધી જ પતંગ ચગાવીશું.ચાઈનીઝ દોરી અને તુક્કલ નો ઉપયોગ કરશું નહિ.પોતાની સલામતી અને પક્ષીઓની સલામતીનું પણ ધ્યાન રાખીશું.પક્ષી ઈજાગ્રસ્ત દેખાય તો હેલ્પલાઈન નંબર ૦૨૬૪૩ ૨૮૨૨૫૦ પર સંપર્ક કરવા વિનંતી કરી હતી.

સરકારી કરુણા અભિયાન અંતર્ગત કરવામાં આવેલ જાગૃતી કાર્યક્રમમાંએસ.યુ.ઘાચી ઈ. આર. એફ.ઓ. નેત્રંગ વન વિભાગ, અતુલભાઈ પટેલ સુ.વાઈલ્ડલાઈફ વોર્ડન(વન્યપ્રેમી),પ્રમોદસિંહ ગોહિલ ઈ. આચાર્ય એમ.એમ.ભક્ત,ઉપેદ્રભાઈ ગોહિલ શ્રી સાંદિપની શાળા આચાર્ય અને વન વિભાગના કર્મચારીઓ અને શિક્ષકો હાજર રહયા હતા

તસ્કરોનો તરખાટ,પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં

સુરત-વડોદરા-કોડીનારમાં ચલાવી લૂંટ, છોટાઉદેપુરમાં વૃદ્ધાનાં પગ કાપી નાંખ્યા....!!!

સુરત/વડોદરા/કોડીનાર

રાજયમાં દિન-પ્રતિદિન ગુનાખોરીનો ગ્રાફ ઊંચો જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય છે. કાયદા વ્યવસ્થાનો ડર ના હોય તે રીતે અસામાજિક તત્વો ગુનાખોરીને અંજામ આપી રહ્યા છે. સુરતમાં બેફામ બનેલા તસ્કરોએ એક મહિલાને બંધક બનાવીને લૂંટ ચલાવી હતી. લોકો જાગી જતા તસ્કરોએ ફળિયામાં પથ્થરમારો કર્યો હતો. સુરતનાં પીપોદરા ગામે રોકડ તેમજ દાગીનાની લૂંટ ચલાવી હતી. ૧૦ જેટલા તસ્કરોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. તસ્કરો રોકડ તેમજ દાગીના લઈને નાસી છૂટ્યા હતા. આ ઘટનાને લઈને પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની તપાસ હાથ ધરી છે.

તો બીજા બનાવમાં તસ્કરો વડોદરાનાં પાદરામાં ત્રાટક્યા હતા. તસ્કરો સોના-ચાંદીનાં દાગીના અને રોકડ લઈને ફરાર થઈ ગયા હતા. તસ્કરો મકાન માલિકનું જ મોપેડ લઈને ભાગી છૂટ્યા હતા. તસ્કરોએ મોડી રાત્રે વીજપુરવઠો ખોરવાતા લાભ લીધો હતો અને લૂંટને અંજામ આપ્યો હતો. પાદરા તાલુકાનાં લુણા ગામમાં આ ઘટના બની હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ પહોંચી હતી અને આગળની કાર્યવાહી કરી રહી છે. લોકોએ માંગ કરી છે કે પોલીસ વધુ પેટ્રોલિંગ કરે.

આ ઉપરાંત ગીર-સોમનાથમાં જવેલર્સની દુકાનમાંથી ચોરી થઈ હતી. કોડીનારમાં ધોળા દિવસે ગઠિયાએ હાથ સાફ કર્યા હતા. કોડીનાર સરકારી દવાખાના સામે શક્તિ ઝવેલર્સમાંથી ધોળા દિવસે ગઠિયો હાથ સાફ કરી ગયો હતો. ગઈકાલે વહેલી સવારે વેપારીએ દુકાનનું એક શટર ખોલ્યું અને બીજુ શટર ખોલવા જતા ગઠિયાએ હાથ સાફ કર્યા હતા. વેપારીનાં થેલામાં રહેલા ૪૫ હજાર અને જરૂરી કાગળો લઈ ગઠિયો ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. વેપારીએ પોલીસ ફરિયાદ કરતા પોલીસે સીસીટીવીનાં આધારે તપાસ હાથ ધરી છે.

તો છોટાઉદેપુરમાં એક વૃદ્ધાનાં પગ કાપી નાંખવામાં આવ્યા છે. લૂંટનાં ઈરાદે આવેલા તસ્કરોએ જોયું કે વૃદ્ધાનાં પગમાં કડા પહેરવા છે તો તેમણે કડા માટે વૃદ્ધાનાં પગ કાપી નાંખ્યા હતા. વૃદ્ધાએ ૨૭૦૦ ગ્રામનાં કડા પહેર્યા હતા. આ બનાવ પાનવડ પોલીસ સ્ટેશનના કનલવા ગામનો છે. રાત્રી દરમિયાન તસ્કરો વૃદ્ધાને ઢસડીને ખેતરમાં લઈ ગયા હતા. ઈજાગ્રસ્ત વૃદ્ધાનું મોત થયું છે. પોલીસે ચોરી અને હત્યાનાં ગુનાને લઈને આગળની તપાસ હાથ ધરી છે.

સુરતમાં એસટી બસના ચાલકે પો.કોન્સ્ટેબલને હડફેટે લેતાં મોત

સુરત

કાપોદ્રા સીએનજી પંપ પાસે એસટી બસના ચાલકે અડફેટમાં લેતા બાઈક સવાર વરાછા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસ કર્મચારીનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતા કાપોદ્રા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. મોટા વરાછા ખાતે રહેતા મનીષભાઈ વિનોદરાય પંડ્યા શહેર પોલીસમાં એમટી સેક્શનમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. શુક્રવારે રાત્રે તેઓ તેમની ડ્યુટી પુરી કરી બાઈક પર ઘરે પરત જવા માટે નિકળ્યા હતા. દરમિયાન કાપોદ્રા સીએનજી પંપ પાસે પૂરપાટ ઝડપે દોડતી એસટી બસના ચાલકે તેમને પાછળથી અડફેટમાં લેતા તેમનું ઘટના સ્થળે જ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતા કાપોદ્રા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. બનાવ અંગે કાપોદ્રા પોલીસે એસટી બસના ડ્રાઈવર સામે ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



